બાલગીતમાળા.

(સચિત્ર.)

લેખક અને પ્રકાશક

કૃષ્ણપ્રસાદ ગિરિજાશંકર ભટ્ટ, (નૂતનશ્રી)

અમરેલી—કાઠિયાવાડ.

Lakshmi Art', Bombay

No ૨૪૨

બાલગીતમાળા.

(સચિત્ર)

લેખક અને પ્રકાશક
કૃષ્ણપ્રસાદ ગિરિજાશંકર ભટ્ટ, (નૂતનશ્રી)
અમરેલી (કાઠીઆવાડ)

સ્થાનિક એજન્ટ
જીવનલાલ અમરશી મ્હેતા,
મેનેજર-પ્રિન્ટિંગવર્ક્સ એન્ડ બુક્સ એજન્સિ
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦૦.

રજીસ્ટર્ડ.

અમદાવાદઃ
ધિ "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત ૦-૪-૦.

એ બાળકો, પ્રિય દેવદૂતો, ભેટવા આવો મને,
કુદરત તણા ભેદો ઉંડા ઉકેલતાં શીખવો મને;
તમ કર્ણમાં મધુર ગીતો પવન લહરિ ગાય છે ?
તે કહો; વળી શું પક્ષી સાથે વાત તમને થાય છે ?
કાં કે તમે છો મૂર્તિમંત જીવન્ત કાવ્યસમાં ખરે,
પ્રભુની કલાનાં સાર, છો ભાવિ પ્રજા જગની અરે !
માતા તણા અદ્વિતીય પ્રેમન પ્રતિકૃત રૂપ છો તમે,
આવો, હૃદય અમ ઉદ્ધરો, તમ ચરણમાં સહુકો નમે.



The Lakshmi Art – Bombay

એ બાલકો પ્રિય દેવદૂતો ભેટવા આવો મને
કુદરત તણા ભેદો ઊંડા ઉકેલતા શીખવો મને

પ્રસ્તાવના.

લગભગ દશ વર્ષની લેખિનીની સેવાના ફલ તરીકે આજે આ ન્હાનકડું પુસ્તક ગુજરાતની સેવામાં રજુ કરતાં મને અત્યાનન્દ થાય છે.

મ્હારૂં પ્રથમજ પુસ્તક **બાલગીત**માલા શા માટે? હું શિક્ષક અથવા કવિ બન્નેમાંથી એકે પદનો ઉમેદવાર નથી પરન્તુ જનસમાજના એ બન્ને ગુરૂદેવો જે પરમ ગુરૂદેવની સેવામા નિત્ય તલ્લીન રહે છે એ બાલદેવની યથાશક્તિ પૂજા કરવાની સેવકને પણ ઉમેદ છે.

દેશનાં પાંચ રત્નો પૈકી દેશની ભાવિ પ્રજા, રાષ્ટ્રના જીવન પ્રાણ અને પ્રભૂદ્વારથી ઉતરી આવેલા કોઇ પનોતા પરોણાશા એ બાલદેવની સેવાનુ મહદ્ ભાગ્ય કોણ ન ઇચ્છે?

દેવ પૂજા કરવા જઈએ ત્યાં દેવને અભીષ્ટ સામગ્રીઓ જ યોજવી જોઇએ, તેમ બાલદેવને પ્રિય વસ્તુ સાદાં ગીતો અને સુંદર ચિત્રોથી આ ગીતમાલા ગુંથવામાં આવી છે.

બાલકોનાં જીવનપ્રભાત કલ્પના, આનન્દ, ઉન્નત ભાવના અને સુંદર રંગોથી રંજિત થઈ ભવિષ્યમાં તેઓ સ્વાવલંબન, મૈત્રી, પ્રેમ, પરાર્થે સ્વાર્પણ, જનસેવા, કર્તવ્યનિષ્ટા વગેરે સદ્‌ગુણગણથી વિભૂષિત નાગરિક બને, અને પોતાનું તથા રાષ્ટ્રનું શ્રેય સાધી શકે એ લક્ષ્યથી આ ગીતમાલા યોજવામાં આવી છે. અને ગદ્ય કરતાં પદ્યથી, તેમ પદ્ય કરતાં કાવ્યથી-સંગીતથી આ લક્ષ્ય તુર્ત સાધ્ય થઈ શકે એ સ્વાભાવિક છે.

આ પુસ્તકમાં ગાયકો જેને સંગીત કહેછે તેવુ સ્પષ્ટ સંગીત તો નહિં મળે પરન્તુ ગાયકો ધારે તો આ પુસ્તકની દરેક કડીમાંથી સંગીત ઉપજાવી શકે છે.

ધોરણુવાર ગ્રંથો ગોઠવવામાં છઇ, શબ્દ અને અર્થનું ધોરણ બને ત્યાં સુધી સંભાળવા યત્ન કર્યો છે. જો કે કોઇ પણ કવિતામા સીધો ઉપદેશ, અથવા કલ્પના કે દૃષ્ટાંત રહિત વિચારનિરૂપણુ તો નહિંજ મળી આવે; પરન્તુ વગર ધોરણુમાં માત્ર કલ્પનાની કવિતાનુ પ્રમાણુ ૫૦ ટકા, તો પેલામાં ૨૫ ટકા છે ત્યારે બીજાં અને ત્રીજાં ધોરણુથી કલ્પના તથા વિચારમાં ગહનતા ઉમેરાતાં કલ્પનાનુ પ્રમાણુ વધ્યુ છે. આગળ જતાં ચોથા ધોરણુમાં એ પ્રમાણુ ઘટી ૨૫ ટકાનુ થાયછે છેલ્લે પાચમા તથા છઠ્ઠા ધોરણુમાં તો કલ્પના સામ્રાજ્ય જીતાયા પછી માત્ર કલ્પનાની કવિતા ક્વચિતજ દેખાય છે. અર્થ તરફ દૃષ્ટિ કરતાં જોઇ શકાશે કે વગર અને પેલા ધોરણુ સુધી સામાન્ય સદ્દગુણો તરફ દૃષ્ટિ રાખવામાં આવી છે, પરન્તુ બીજા ધોરણુમા સ્નેહની દિશા વિસ્તૃત થઈ સ્વાર્પણુ સુધી પહોંચી છે, અને આત્મવિકાસ, સ્વાવલંબન, અને કંઇક અંશે તત્વચિંતન પણુ દાખલ થાય-છે ચોથા ધોરણુમાં સેવાધર્મ અને આત્મશ્રેય સાધતાં જન સમાજને પણુ શ્રેય અર્થે નિમત્રવામાં આવે છે પાંચમા ધોરણુમાં કર્તવ્યશીલતા અને સ્વાર્પણુ તરફ વિશેષ ધ્યાન અપાયું છે, અને છઠ્ઠા ધોરણુમાં તો ઐહિક કરતાં પારલૌકિક તત્વો વિશેષ વિચારી શકાય એવુ તત્વ મૂકાયું છે, અને "પ્રભુના ગિરિથી અવતરેલાં" એ દેવદૂત શાં બાલકો આપણા સંસારના વિષમય પવનથી કલુષિત ન થતાં પ્રભુનાં બાલક, પ્રજાનાં જનક અને રાષ્ટ્રનાં જીવન પ્રાણુ બની રહે એ હૃદયેચ્છા પરિતૃપ્ત કરવા યથાશક્તિ યત્ન કર્યો છે

પુસ્તક તૈયાર થતું હતુ ત્યારથી છાપખાનામાં ગયુ ત્યાં સુધી અનેક સન્મિત્રો અને શુભેચ્છકો (જેમાં ગુજરાતના સાક્ષર વર્ગનો મોટો ભાગ આવી જાય છે) પૈકી કોઇએ **લેખી**

અભિપ્રાયદ્વારા તો કોઈએ રૂબરૂમાં, તેમ કોઈએ બન્ને રીતે અનેક સૂચનાઓ અને સુધારા વધારા સૂચવવા કૃપા કરી છે, અને આ પ્રયત્ન તરફ પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવી છે; તે માટે એ સર્વનો હું પરમ ઋણી છું. અને જણાવતા આનન્દ થાય છે કે આવી લગભગ બધી સૂચનાઓનો હું યથાસાધ્ય અમલ કરી શક્યો છું. મારા પરમ સ્નેહી મિ. **જીવનલાલ અમરશી** મ્હેતાએ તેમજ તેવાજ બીજા સ્નેહી-વર્ય રા **ભગવન્તરાય બુલાખીરામે** પુસ્તકને સુશોભિત બનાવવા માટે ડાયમંડ જ્યુબિલિ પ્રેસ તથા લક્ષ્મી આર્ટ પ્રિન્ટિંગ વર્કસ જેવાં કલાવાન મુદ્રાલયોનો યોગ કરી અમૂલ્ય સલ્લાહ આપી છે, તે માટે એ બન્ને સજ્જનોનો હું ઉપકાર માનવાની તક લઉં છું અને માત્ર સાહિત્ય પ્રીતિનાજ કારણથી મારી બાલ ગ્રંથમાળાનાં બધાં ચિત્રોની " ડિઝાઇન" તૈયાર કરી આપવા ઉત્સુકતા ધરાવનાર અને આ પુસ્તકનાં બાળકોને સાદ તથા કર્તવ્યચિત્રની ડિઝાઈનો તૈયાર કરનાર મારા પરમ મિત્ર અને કવિ – ચિત્રકાર મિ. **રવિશંકર મહાશંકર રાવળનો** હું કયા શબ્દોમાં ઉપકાર માનું? વાચક બન્ધુ. તારો પણ હું ઓછો ઋણી નથી કે તું આ પુસ્તક ધ્યાનપૂર્વક વાચી, લખનારના હેતુને કંઈક અંશે પણ સફળતા આપવા તૈયાર થયો છે અને કેળવણી ખાતું તથા જનશમાજનો પણ હું ઓછો ઋણી નહિ બનું; જો એ પણ તારી માફક આ પુસ્તકનો સત્કાર કરશે તો. માણસ પ્રયત્નથી બીજું શું વિશેષ કરી શકે? અને વાણી કરતાં વિશેષ શાથી સમજાવી શકે? **कर्मण्येवाधि कारस्ते** .. ...

લેખક.

આપણી ભાષામાં બાલગીતો એટલાં થોડાં છે કે રા કૃષ્ણપ્રસાદના પ્રયત્નને અભિનન્દન ઘટે છે. સારાં બાલગીતો રચવાનુ કામ ધારી શકાય તે કરતાં વધારે દુર્ઘટ છે, અને એ દુર્ઘટ કામમાં રા. કૃષ્ણપ્રસાદ અમુક અંશે સફળ થયા છે એ જોઈ સન્તોષ થાય છે. આશા છે કે એમના પ્રયત્નને કેળવણી ખાતાના અધિકારીઓ તરફથી યોગ્ય સત્કાર મળશે.

મણિશંકર રત્નજી ભટ્ટ. (બી. એ)

ચાલતી વાંચનમાળામાંનાં કાવ્યો કેટલાંક સારાં છે, પણ તે કાવ્યોની સાથે પૂરવણી કાવ્ય માલા હોય તો શિક્ષકને વધારે વિશાળ પસંદગીનો દેશ મળે. એવો એક સંગ્રહ થવાની જરૂર હતી, અને તે જરૂરીઆત ભાઈ કૃષ્ણપ્રસાદની કાવ્ય (બાલગીત) માલા પૂરશે એવી હું આશા રાખું છું .. ..

ત્રિ. ક. ગર્જર,

(એમ એ, બી. એસ સી, એફ. સી. એસ.)

આ પુસ્તક બાળકોને ગમત સાથે બોધ આપે તેવું છે ગીતો ધોરણવાર ગોઠવ્યાં છે તેથી શીખનારાઓને અઘરાં લાગવાની અડચણ આવશે નહીં. ગીતના વિષયો પણ સારા પસંદ કર્યા છે. પરિચિત પદાર્થો પર લખેલી કવિતા બાળકોને અધિક આનન્દ આપે એવી છે અને રાગ અને છન્દ સરલ અને સહેલા હોવાથી બાળકો એ ખુશીથી મોઢે કરશે. ભાષા પણ સુંદર છે................

સાંકળચંદ જેઠાલાલ શાહ

એમ. એ, એમ. એસ. સી. આઈ.

અભિપ્રાયોમાંથી થોડાએક.

૧......એકંદર જોતાં આ સંગ્રહ ઘણો પ્રશંસાપાત્ર થયો છે. ધોરણવાર ક્રમ, વિષય, પદ્ય, સ્વરૂપ ભાષા, શૈલી, સર્વ બાબતમા સારી પદ્ધતિથી ગોઠવાયો છે પ્રાથમિક શાળાઓમાં આ સંગ્રહ ઉપયોગી તથા લાભકારક થશે એમ લાગે છે............ રા. કૃષ્ણપ્રસાદનો આ પ્રયાસ જે વિજયને પૂર્ણ રીતે યોગ્ય છે તે પ્રાપ્ત કરો એમ ઇચ્છું છું—**નરસિંહરાવ ભોળાનાથ.**

૨..... હોપ વાચનમાળામા કાવ્યોની સંખ્યા તેમજ કેટલીક જગાએ તો ગુણ પણ ઉતરતા છે, એટલે ભાઈ કૃષ્ણપ્રસાદે કીધો છે એવો એક સંગ્રહ જરૂરનો તો છેજ પ્રસ્તુત સંગ્રહમાં વિષયોની વિવિધતા છે, તેમ બાલકોને સુગમ પડે તેવાં ભાષાનાં પગથિયા, તેમજ ભાષામા રહેલા અર્થનાં પગથિયા છે, એટલે ધોરણવાર કાવ્યો લખવાનો પ્રયત્ન સફળ છે .....બાળકો માટે કાવ્યો બહુ થોડાં લખાય છે, અને જે લખાય છે ત્હેમાં આ સંગ્રહનું સ્થાન સારૂં છે.—**ન્હાનાલાલ દલપતરામ કવિ.**

૩......આ ગીતમાળાનો ઉદ્દેશ બાળકોની રસિક અને નૈતિક કેળવણીમાં સહાયભૂત થવું એવો જણાય છે. અને હું ધારૂ છુ કે ચાલુ વાંચનમાળાની મદદમાં આ ગીત માળામાથી યથાવકાશ થોડાં થોડાં ગીત શીખવવામા આવશે તો આ ગીતમાળાનો પૂર્વોક્ત હેતુ બહુ સારી રીતે પાર ગડશે........ હું રા. કૃષ્ણપ્રસાદના પ્રયત્નને વિજય ઈચ્છુ છુ—**આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ.**

૪......બાળકોને રમુજ પડે, બોધ મળે અને તેમની કલ્પનાશક્તિ ખીલે એવા હેતુથી એ ગીત રચેલાં છે. અને એ હેતુ પાર પડે તેવી આ પુસ્તકમાં એકદર રચના છે......હું ધારૂં છું કે પ્રાથમિક શાળાઓમાનાં બાળકો માટે આ પુસ્તક બહુ ઉપયોગી છે. હાલ ચાલતી વાચનમાળા ઉપરાત વધારાના વાંચન તરીકે આ પુસ્તક વાપરવા લાયક છે........... **રમણભાઈ મહીપતરામ નીલકંઠ.**

૫......તેમાંનાં કેટલાંક ગીતો મને ઘણાંજ પસંદ પડયાં છે. કારણ ભાષા ઘણી સુંદર તથા લાલિત્યમય હોવા સાથે તેમાં દર્શાવેલા વિચાર સરલ તથા ઉમદા જોવામાં આવ્યા છે.......

.........કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

૬ .....કવિતા જૂદાં જૂદાં ધોરણો માટે રચેલી છે ને ભાષા તથા વિષયો પણ તે ક્રમને અનુસરતાં છે......એકંદર જોતાં બાળકોના હાથમાં આ પુસ્તક મૂકવાથી આનંદની સાથે જ્ઞાન મળી શકે તેમ છે; અને તેથી ઉમેદ છે કે રા. કૃષ્ણપ્રસાદના પ્રયાસની કદર થઈ તેમને યોગ્ય ઉત્તેજન મળશે-હાનુભાઇ ડાહ્યાભાઈ મહેતા.

૭......સાદી ભાષામાં લખેલાં આ ગીતો સારા છે. થોડામાંથી બોધ પણ સારો મળે તેમ છે......બાળકોને ઉચ્ચ ભાવના તરફ પ્રેરે એવાં કવિત્વવાળા ગીતો આપણી શાળામા શીખવાય તો લાભ થાય એમ હું માનું છું. એવાં ગીતો રચવાનું કામ સહેલું નથી જેઓ એ વિષય કેટલો કઠિન છે તે જાણે છે તેઓ આપનો પ્રયાસ યશસ્વી ગણીને આપને ધન્યવાદ આપશે.......

નંદનાથ કેદારનાથ દિક્ષિત, પ્રિન્સીપાલ મે. ટ્રે. કૉ. વડોદરા.

૮......ચઢતા ઉતરતા ધોરણોના પ્રમાણમા જે બાળગીતોનો સમુહ તૈયાર કરેલો છે તે સારો છે. ભાષા સાદી, સરલ અને બાળકોને આનંદ પમાડે તેવી છે......એકંદરે પુસ્તક સારૂં અને બાળકોને ઉપયોગી છે.

......*J. B. Engineer* લેડિ ઇન્સપે. વડોદરા.

9......It appears to me that most of the subjects you have selected are adopted for children the language is also simple. I believe your book will be useful for supplimentary reading in schools.

P. M. Desai. Headmaster F. T. College, Baroda.



The Lakshmi Art Bombay

ઓ પ્રભુ, તું જ જગતના,
ઈશ્વર સર્જનહાર
અંતરથી તુજને નમું,
હે શુભ મતિ દાતા!

બાલગીતમાળા.

વગર ધોરણ.

પ્રાર્થના. (દોહરો.)

(૧)
ઓ પ્રભુ, તું છે જગતનો,
એકજ સરજનહાર;
અંતરથી તુજને નમું,
હે શુભ મતિ દાતાર !

મેઘરાજા. (ગીત.)

(૨)
મેઘ મેઘ રાજા, આકાશે ગાજ્યા;
વિજળીની તરવાર ને પવનનાં વાજાં. મેઘ મેઘ.
વિજળીથી વિખેરાય વાદળાંઓ ઝાઝાં;
વરસે વરસાદ અને છોડ થાય તાજા. મેઘ મેઘ.
રેલ આવે નદીમાં ને પાણી મૂકે માજા;
રેલ આવે હૈયામાં તો હું એ મારા રાજા. મેઘ મેઘ.

દીવાળી અને હોળી. (ચોપાઈ.)

(૩)
દીવાવાળી દીપાવલિ, રંગ ભરેલી હોળી ભલી;
દીવાળીમાં દીવા થાય, રંગ ઢડે હોળીમાં રમાય.
થાય પાક ચોમાસાં તણો, તેનું પરવ દીવાળી ગણો;

પાક વસંત ઋતુનો બોજો, તેથી હુતાશનીમાં રીઝો,
બેઉ પરવમાં ગમ્મત થાય, મીઠાઈ મેવા ખૂબ ખવાય;
એવાં પરવો આવે ઘણાં, તો આનંદ તણી નહિં મણા.

(૪) મેઘ ધનુષ્ય. (ચોપાઈ)

મેઘ ધનુષ્ય આકાશે ચડે,
રવિ ટંકાર કરે તે વડે.
ગાજે ઘરરર તેનો નાદ,
લડાઈમાં વાજાંનો સાદ.
સૂર્ય વાદળાં સાથે લડે,
ત્યારે મેઘની ધારા પડે.

(૫) લાકડી અને ચોપડી. (ચોપાઈ)

મારી આ સુન્દર ચોપડી,
ને રમવાની એ લાકડી.
જો કદી વાંચી થાકી જાઉં,
લાકડી લઈને રમવા ધાઉં.
સાંભરશે રમતાં ચોપડી,
તો આ છોડી દઉં લાકડી.
લાકડી ચોપડી વિણુ ના ચેન,
એ બે મારી વ્હાલી બેન.



The Lakshmi Art—Bombay

હું ગણું વાઘ તણા પણ દાંત, કાન ઝાલીને મારૂં લાત;
કોઈ તેય પ્રભુનું બાળ, ને પ્રભુને મુજપર બહુ ધ્યાન

(૬) બ્હીવું નહિ.* (ચોપાઇ)

બ્હીશ નહિં, મા! હું તો કશું,
કાં કે ઈશ્વર પાસે વસું.
દહાડો કે અંધારી રાત,
સાંઝ સમી કે હોય પ્રભાત.
સહુ વખતે રખવાળી કરે,
જાણ્યેં ઈશ્વર પહેરો ભરે.
ત્યારે મારે બ્હીવું કશું?
હું તો ઈશ્વર પાસે વસું.
હું ગણું વાઘ તણા પણ દાંત,
કાન ઝાલીને મારૂં લાત;
કાં કે તેય પ્રભુનું બાલ,
ને પ્રભુને મુજપર બહુ વ્હાલ.

---

(૭) સ્વચ્છતા. (દોહરા)

પોતે ગંદકી પર વસે, પણ શી ચોકખી માંખ!
શી સુન્દરતા તેહની, શોભે પગ, મૂખ, પાંખ!
પણ સુન્દર શાળા મહિં, બાલક ભણવા જાય,
છતાંય એ ગન્દાં રહે! એ શું ઠીક ગણાય?

* પ્હેલી આઠ લીટી અનુવાદ રૂપે છે.

(૮) નાનામાંથી મોટું. (ચોપાઇ)

નાની પળનો થાય કલાક,
નાનાં બીનો નીપજે પાક,
નાના શબ્દ રચે ઉપદેશ,
નાનાં બાળ વસાવે દેશ.
નાનામાંથી મોટું થાય,
નાનું એ નાનું ન ગણાય.

—

(૯) સંસારમાં સ્વર્ગ.* (ચોપાઇ)

નાનાં તોય દયાનાં કામ,
નાનાં તોય પ્રભુનાં નામ,
નાના પણ વ્હાલપના બોલ,
કરે પૃથ્વીને સ્વર્ગની તોલ.

(૧૦) મારાં રોજનાં કામો. (ભુજંગી)

કૂદે લોહી નાડી મહિં ખૂબ મારૂં,
મને હવું લાગતું તેથી સારૂં;
ઘડી ત્યાં, ઘડી આંહિ, દોડયા કરૂં છું,
કરી દોસ્તી આ પક્ષી સાથે ફરૂં છું.
ઘડી ચોપડી વાંચીને ગીત ગાઉં,
ઘડી નાચી કૂદી પછી ભાગ ખાઉં;

---

* અનુવાદ.



The Lakshmi Art Bombay

ચઢી ત્યાં, ચઢી આંહિં, દોડ્યા કરૂં છું,
કરી દોસ્તી આ પક્ષી સાથે ક[illegible]

જતા દિવસો એમ આનન્દ માંહે,
બધાએ મને હેતથી ખૂબ ચાહે.

(૧૧) પોપટને. (ચોપાઇ)

પોપટ પંખી ચતુર સુજાણ,
લાલ ચાંચ લીલુડો વાન !
પોપટ શું તુજ કરૂં વખાણ ?
પઢોજે પોપટ, 'શ્રી ભગવાન.'

પોપટ તું પરદેશે જાય,
તો તુજ વિણ ગીતડાં કો ગાય ?
તને પાંજરે પૂરી દઉં,
પ્રભુ-નામ તુજ સાથે લઉં.

(૧૨) ફુલ. (ચોપાઇ)

દેવની પાંપણ જેવાં ફુલ,
ખિલતાં બાગમહિં અણમૂલ;
ફુલમાં પ્રભુની આંખો હસે,
નાએ જગત સુગંધી રસે.

રાતે પ્રભુ આંખો મીંચી જાય,
ત્યારે કઇક ફુલો ઉંઘી જાય;
પણ વ્હાણે સૂરજનું તેજ,
નવાં નવાં ફુલ ખિલવે સ્હેજ.

(૧૩) પ્રાર્થના. (ચોપાઇ)

ઈશ્વર, એક તું સહુનો બાપ,
સકળ જગતના હરતો તાપ;
સહુ શુભ રચનાનો રચનાર,
સહુનું સારૂં તું કરનાર.
તુજ ઉપકાર તણાં ગીત ગાઉં,
અંતરથી તુજને નિત ન્હાઉં;
નમી નમી હું માગું એજ,
ભર મુજ બુદ્ધિમાં તું તેજ.

(૧૪) સાચ. (ચોપાઇ)

બોલું જે મુજ મનમાં થાય,
એમાં શાનું બ્હીવું કાંઈ?
સાચું બોલે તે શૂરવીર,
બીકણ ખોટું કહે અધીર.

(૧૫) રૂપ કે વાણી. (ચોપાઇ)

મેનાં ને કોયલનો રંગ
કાળો તોયે મીઠો કંઠ,
શ્વેત ગધેડું ભૂંક્યા કરે,
રંગ ગમે નહિ વાણી ખરે.



The Lakshmi Art – Bombay

એક બીજા પર રાખ્યા હેત
એકજ એ પ્રભુનો સંકેત

४०८१

મીઠી બોલી સહુને ગમે,
તેની પાસે સહુકો નમે;
મેનાં કોયલ પાળે સહુ,
ધોળો ખર નિંદાયે બહુ.

---

(૧૬) ફરજ. (ચોપાઇ)

ભાઇ નિશાળે જઇને ભણે,
બાપા ખેતર દાણા લણે;
બેન નદીનું પાણી ભરે,
રસોઇ સહુ માટે મા કરે.
પ્રભુએ સોંપ્યાં જે જે કામ,
બજાવતાં તે સહુએ આમ;
ભણી ગણી આગળ વધું તેમ,
એ મુજ જીંદગીની શુભ નેમ.

---

(૧૭) પરસ્પર હેત. (ચોપાઇ)

એક બીજાં પર રાખો હેત,
એકજ એ પ્રભુનો સંકેત.
બીજાને હું દુભવું કદી,
તો એ બંધન તુટે નકી.
ઇશ્વર પણ નવ રાખે હેત,
જ્યાં જ્યાં એ તુટે સંકેત.

માટે સહુને ચ્હાવું સહી,
કોઇ સાથ ચીડાવું નહિં.

---

(૧૮) આંસુ. (ચોપાઇ)

આંસુ મુજ આંખોનું તેજ,
વ્હાલું છે મુજને બહુ એજ.
આંખોમાં સંતાડી રહું,
બીજાંને નહિં જોવા દઉં.
આંસુ જેવી મોંઘી ચીજ,
કાઢું નહિં આંખો મહિંથીજ.
આંખોમાંથી આંસુ જાય,
ત્યારે તેનું તેજ હરાય.
કોઇ આંસુને દેખી જાય,
તોતો મારી આબરૂ જાય.
માટે આંસુ પાડવું નહિં,
આનન્દે ફરવું અહિં તહિં.

---

(૧૯) ઘડીઆળનો સંદેશો.* (સવૈયા.)

ટક ટક ટક ઘડીઆળ બજાવે,
ઝટ ઝટ કામ કરો ત્યમ કહાવે.

---

* અનુવાદ.

વખત જતો ટક ટકની સાથે,
કરવાનું કરજો ઝટ હાથે.
વખત આજનો તેજ તમારો,
"કાલ કાલ" કરશો નહિં યારો.
રાહ નહિં ટક ટકની જોશો,
માંડ મળેલી તક નહિં ખોશો.
માતા કંઇ પણ કામ બતાવે,
કે શિક્ષક કંઇ પાઠ શિખાવે;
તેજ સમય તે પૂરૂં કરજો,
નિયમિતતાને અંતર ધરજો.

---

(૨૦) નિર્દોષ આનન્દ અને નિયમિત કામ.+

(સ્ત્રગ્વિણી-ઝુલણામાં ગાઈ શકાય.)

નાચવું, કૂદવું, ખેલવું, ખુંદવું,
તેમ નિર્દોષ આનન્દમાં મ્હાલવું;
કામ કૈં હોય તો કામમાં લાગવું,
તે સમે ધ્યાન બીજે ન દોડાવવું.
ખેલતાં ના કદી કામ સંભારવું,
કામવેળા નહિં ખેલવા ધારવું;

+ કેટલોક ભાગ અનુવાદ રૂપે છે.

બેઉ ઘોડે ન સાથે ચડાયે અને,
ખેલ કે કામ એકે ન પૂરૂં બને.
જે કરો કાંઇ તે એક પૂરૂં કરો,
ખેલ કે કામમાં ધ્યાન પરૂં ધરો;
જે અધરૂં રહે તે ન ઉંચે ચડે,
પાર પ્હોંચ્યા વિના સાર ના સાંપડે.

---

(૨૧) કપાસનો છોડ* (ચોપાઇ)

કપાસના આ સુન્દર છોડ,
ઉગે સઘળા જોડાજોડ;
ઉંચે વધવા હિંમત ધરે,
ધોળું રૂ ઝડવામાં ભરે.

રૂને ખૂબ ઝીણું કંતાય,
તો તેમાંથી સૂતર થાય;
સૂતર સાળ મહિંજ વણાય,
તેનાં સુન્દર કપડાં થાય.

માતા તેનાં લૂગડાં શીવે,
પ્હેરાવી બાળક રીઝવે;
લૂગડાં ફાટાં તુટાં થાય,
ત્હેનો પણ ઉપયોગ કરાય.

---

* કેટલોક ભાગ અનુવાદ રૂપે છે.

તેને કૂટી મેંદો કરે,
ને તેમાંથી કાગળ બને;
કાગળ પર અક્ષરો છપાય,
ને તેની ચોપડીઓ થાય.
ઈશ્વરનો માણુસને બોધ,
તેની એ પુસ્તકમાં નોંધ;
નિશાળમાં શિક્ષકની પાસ,
પુસ્તક વાંચી કરૂં અભ્યાસ.
ભણી ગણીને મોટો થાઉં,
તે માટે એના ગુણ ગાઉં;
આટલું બધું જેનાથી મળે,
કપાસ તે ઊગો સહુ સ્થળે.

(૨૨) ઉંદર અને ઉંદરડી.* (ચોપાઈ)

ઉંદર ને ઉંદરડી કને, દરમાં રહેતાં દોસ્તી બને.
બન્ને સરખાં કાળાં હતાં, ચાહે એક બીજાં તે છતાં;
લાંબી પૂંછડી બન્ને તણી, પરસ્પરેજ વખાણે ઘણી;
શોધે રોજ નવો શિકાર, કંઇ મળતાં ખાવા તૈયાર.
એક દિવસ માવાની વાસ, આવી તેથી જાયે પાસ;
હામ ધરે લૂંટવા શિકાર, કરે કૂદાકૂદ વારંવાર.

---

* અનુવાદ.

ચોરી કરવા ઘરમાં જાય, ત્યાં બન્ને સાથે સપડાય;
શોખ કર્યો ખાવાનો જહિં, ત્યાં પકડાયાં પિંજર મહિં.
એક બીજાંની સામું જુએ, ટેવ નઠારી માટે રૂએ;
પસ્તાવો સૂણીને ઘરધણી, છોડે દયા કરીને ઘણી.

---

(૨૩) બાલ્યાવસ્થા એ જીંદગીની વસંતઋતુ છે.

(ચોપાઈ.)

વસંત ઋતુ ને બાલકપણું,
એ બન્નેને સરખાં ગણું.
મુજ મનમાં જ્યમ નવા વિચાર,
વસંતમાં ત્યમ ફુલની બ્હાર.
ખીલવે બુદ્ધિ જેમ વિચાર,
ત્યમ ફુલ કરે સુગંધિ પ્રચાર.
ઋતુઓમાં જ્યમ શ્રેષ્ટ વસંત,
બાલપણે ત્યમ સુખ અનંત.
વસંતમાં જ્યમ ખીલતાં ઝાડ,
બાલપણે ત્યમ ખીલતાં હાડ.
વસંત ઋતુ આ જીંદગી તણી,
બાલ્યાવસ્થા મેં તો ગણી.

બાલગીત માળા. કવિતા ન. ૨૩. કૃષ્ણપ્રસાદ.



The Lakshmi Art—Bombay.

વસંત ઋતુ ને બાલક પણુ, એ બન્નેને સરખા ગણુ;
મુજ મનમા જેમ નવા વિચાર, વસંતમા ત્યમ ફુલનો બ્હાર.

(૨૪) **પ્રાર્થના.** (ભુજંગી)

પ્રણેતા પ્રભુ વિશ્વના એક આપ,
સહુ પ્રાણીના છો કૃપાવન્ત બાપ;
અમો રંકને ભૂલમાંથી બચાવો,
સદા અંતરે આપની યાદી લાવો.
કરૂં આપની કીર્તિનું સત્ય ગાન,
ધરૂં આપની મૂર્તિનું નિત્ય ધ્યાન;
પ્રભુ વાળજો સત્ય માર્ગે સદાય,
નમી પ્રાર્થના એટલી બાલ ગાય.

(૨૫) **શું કરવું.*** (દોહરો)

મન જે જે 'સાચું' કહે,
'ઉત્તમ' કહે વિચાર;
હિંમતથી તે તે કરો,
ફરજ બજાવો યાર.

(૨૬) **અમે બેન ભાઈ.** (ચોપાઈ)

મારે એકજ નાનો ભાઈ,
તે હજુ બાલક છેક ગણાય;

* અનુવાદ.

પણ તે અમને મોંઘો ઘણો,
સરખાં સોનાંથી સો ગણો.
વળી છે બીજી નાની બેન,
તેને ભાઇ વિના નહિં ચેન;
ભાઇ, ભાઇ, કહી મ્હોં સૂકાય,
બેન તણે મન સઘળું ભાઇ.
હું એ એની સાથે રમું,
વાતોમાં કંઇ કંઇ શીખવું;
તે મારાં ગીત હોંશે શીખે,
નિશાળમાં લાવું તો રીઝે.
બેન ભણીને મોટી થાય,
પછી ભણાવે નાનો ભાઇ;
તે પણ વળી નિશાળે જાય,
માતા એ જોઈ હરખાય.

(દોહરો.)

માતા શીખવે મુજને, બેન શીખે મુજ પાસ;
નાનો બેન કને શીખે, એમ થાય અભ્યાસ.

બાલગીત માળા.   કવિતા નં. ૨૬.   કૃષ્ણપ્રસાદ.



The Lakshmi Art—Bombay

માતા શીખવે મુજને, બેન શીખે મુજ પાસ ,
નાનો બેન કને શીખે, એમ થાય અભ્યાસ

(૨૭) મારા દોસ્ત. (દોહરા)

દોસ્ત એક મુજ માત જે, રાખે મુજપર વ્હાલ;
દે ખાવા પીવા વળી, સૂતાં લે સંભાળ.

દોસ્ત બીજા મુજ તાત જે, નિશાળમાં લઇ જાય;
અનેક ગુણ મુજમાં ભરી, પોતારૂપ કરી ચ્હાય.

દોસ્ત ત્રીજા શિક્ષક, મને દેતા વિદ્યાદાન;
શક્તિ માત્ર મુજ કેળવે, ચાહે પિતા સમાન.

આ સહુ દોસ્ત તણા બહુ છે મુજપર ઉપકાર;
જીંદગી ભર તે જે કહે તે કરવા તૈયાર.

---

(૨૮) ચ્હાવું અને સ્હેવું. (દોહરા)

એક પ્રભુનાં આપણે જૂદાં જૂદાં બાળ,
એકજ પ્રભુને પૂજીએ અંતરથી ધરી વ્હાલ.

એકજ પ્રભુના રાજ્યમાં વસીએ એકજ રીત,
તેનો હુકમ ઉઠાવીએ, પરસ્પરે ધરી પ્રીત.

"ચ્હાવું ને સ્હેવું" સદા આનન્દેથી નિત્ય,
એ પ્રભુની નિશાળનું નાનું મોંઘું ગીત.

મારાં જે જે કામ તે આ ગીત ગાતાં થાય,
ચ્હાતાં સ્હેતાં પૃથ્વીમાં સુખ સ્વર્ગીય પમાય.

---

(૨૯) મારી મજા. (દોહરા)

મોટા મોટા માણસો, અમલદાર ને શેઠ,
અમીર ઉમરાવો વળી, રાજ્ય વર્ગના ઠેઠ.
સત્તા, ધન, યશ, માનની ચિંતા સહુને હોય;
પણ હું બેપરવા ફરૂં, મને ન ચિંતા કોઇ.
ખાવું, પીવું, ખેલવું, ગાવાં બાલગીતો જ,
રમત ગમતમાં શીખવુ નવું નવું કંઈ રોજ.
એમ છતાં નવ આવડે ફરી ફરી નિષ્ફળ થાઉં,
તોય ફરી ઉદ્યમ કરી, શીખવા મંડી જાઉં.
હાર થતાં થાકું નહિં, કામ કરૂં ધરી પ્રેમ,
પછી મને ચિંતા કશી? મારે સુખ છે તેમ.

---

(૩૦) ખરી મિત્રતા. (દોહરા)

દુધને ત્યાં પાણી જતાં નિજરૂપ કરી દુધ ન્હાય;
આભારી જલ તાપ પર દુધ બદલે બળી જાય.
દુધ જોઇ દુખ મિત્રનું ચુલામાં ઉભરાય;
તે ફરી પાણી રેડતાં, તુર્ત શાંત થઇ જાય.
આવીજ હોજો મિત્રતા, અંત સુધીની પ્રીત;
ખરી કદર ઉપકારની, પ્રેમ ધર્મની રીત.

---

* અનુવાદ.

(૩૧) બાલકી અને પક્ષી.* (ભુજંગી)

હતી બાલકી એક નાની રૂપાળી,
પ્રભાતે ઉઠી તુર્ત તે બ્હાર ચાલી;

જઇ બાગમાં ઝાડ પાસે ઉભી તે,
હતું પક્ષી ત્યાં તેની સાથે રમે છે.

તહિં વાયુની લ્હેરખી ઠંડી આવે,
દયા બાલકી ઉરમાં તેથી લાવે;
વિચારે 'અરે પક્ષીને તાઢ વાય,
નથી લૂગડાં તેહને પ્હેરવાય.'

તહિં બાલકીની દયા પક્ષી ધારે,
'પીંછું છે નહિં તે ઠરે તાઢમાં રે!
દયા એક બીજાં તણી બેઉ ખાય,'
ઉભાં તાઢમાં બેઉ ત્યાં ચોડવાય.

ન જાયે ઘરે બાલકી, પંખી માળે,
કલાકો તહિં તાઢમાં ચાર ગાળે;

દયા ખાઇને બેઉની સૂર્યદેવે,
ઉડાડી દીધી તાઢને દૂર તેવે.

---

* અનુવાદ.

(૩૨) મારી પથારી તે મારી હોડી છે.× (ભુજંગી.)

અહા ! હોડકાં જેવી મારી પથારી,
મને તે મહિં જાય માતા સુવારી;

ખલાસી તણો ધાબળો ઓઢવા દે,
અને સિંધુશા અંધકારે જવા દે.

જઉં રાત થાતાં હુંતો હોડી માંહે,
સલામી દઉં જે મને ખૂબ ચાહે;

મીંચી આંખને હોડી હંકારી જાઉં,
નહિં બોલવું, ચાલવું, ગીત ગાવું.

લઈ સાથમાં જાય ડાહ્યા ખલાસી,
જરૂરી ચીજો હોડીમાં જેમ ખાસી;

લઉં હોડીમાં સાથ હુંએ ચીજો કૈં,
કહીં ચોપડી, ભાગ કે દોઢીઉં, પૈ.

ચલાવું પછી હોડી હું રાત આખી,
ફરૂં દેશ ઝાઝા, ન રહે એક બાકી;

પરંતુ જહિં સૂર્ય ઊગે સવારે,
તહિં ઊતરૂં હોડીમાંથી કિનારે.

× અનુવાદ.



[illegible]

અહા' લાડકા જેવી મારી પ્યારી. મને ન મૂકિ જાય માતા ન્યારી.
[illegible] બાળકો આલ્હાદ, અને [illegible]

(૩૩)　　છે ઉપયોગી તમામ.×　(દોહરા.)

બીજાના ઉપયોગમાં જો ના આવી શકાય;
તો જીવ્યું શા કામનું એવું કહે બધાય.
આકૂળ અને કપાસ એ બેન ભાઇ શૂણી આમ;
વિચારતાં 'પોતે કરે શું ઉપયોગી કામ'?
નાનું ફુલ કપાસનું સુગંધહીન ગણાય;
તેથી એ શરમાઇને કરમાવા મન ચ્હાય.
આકળ કૂહે 'તારા વિના કપડાં શાનાં થાય?
તું ઢાંકે જગ માત્રને તું ઉપયોગી ગણાય.
પણ મારાં ટીપાં ઝીણાં, તેનું શું છે કામ?'
શીદ નકામી હું રહું? હું જઉં મારે ઠામ.
ખડ કૂહે 'તું વિણ ના રહું, તડકે જઇશ સૂકાઇ;
તુજ વિણ વધી શકું હું ન તો ગાય બળદ શું ખાય?
ગાય બળદ વિણ ખેતીમાં મોટો વાંધો થાય;
ને તુજ ભાઇ કપાસને કેમ ઉગાડી શકાય?
માટે છો નાનાં તમે ભલે બેન ને ભાઇ,
છતાં રહો ઉપયોગનાં બીજા તણાં સહાય.'

*　*　*　*

સૂચના—છોકરાંઓને પથારી તરીકે કોઇને ઘોડીઉં, પાલણું કે ઝોળી હોય છે, માટે તે બધાંને બદલે પથારી શબ્દજ વાપરવો યોગ્ય ધાર્યો છે.　　× અનુવાદ.

બાલક નાનું એ રીતે નબળું ભલે ગણાય;
ડ્હાપણુવાળું હોય ના પણ ઉપયોગી થાય.
વ્હાલ ભર્યાં વચનો વદી, દયા ભર્યાં કરી કામ;
નબળાં પણ એ રીતથી, છે ઉપયોગી તમામ.

(૩૪) ચંદા બ્હેન સાથે વાતચિત.× (ગીત.)

" ચંદા બેન, ચંદા બેન, રમશો કહિં ? "
" સમુદ્રનાં મોજાંઓ મહિં. "
" ચંદા બેન, ચંદા બેન, શું શું ગમે ? "
" સ્નેહ ધરી જે મુજશું રમે. "
" ચંદા બેન, ચંદા બેન, રમવું એમ
આખી રાત ગમે છે કેમ ?
ચંદા બેન, ચંદા બેન, થાકો નહિં ?
ના ઉંઘો શું રાત્રી મહિં ?
ચંદા બેન, ચંદા બેન, વ્હાણું થતાં,
થાક ઉદાસી થાએ છતાં.
ચંદા બેન, ચંદા બેન, રોતાં કેમ ?
વીલું મ્હોં કરી માંદાં જેમ ? "

× અનુવાદ (છોકરાંઓના પક્ષ પાડી સંવાદ રૂપે ગવરાવી શકાય.)

" નાના ભાઈ, નાની બેન, એવું કંઈ,
હોઉં વ્હાલી તો પૂછશો નહિં;
નાના ભાઇ નાની બેન એ સહુ થાય,
કરવા જેમ પિતા પ્રભુ ચ્હાય."
" ચંદા બેન, ચંદા બેન, રમશો કહિં ? "
" સમુદ્રનાં મોજાંઓ મહિં."
" ચંદા બેન, ચંદા બેન, શું શું ગમે ? "
" સ્નેહ ધરી જે મુજશું રમે."

--

(૩૫) પક્ષી અને જગત્.× (દોહરા)

બહુ નાના ઘરમાં રહી, જીંદગી નિજ શરૂ થાય;
ત્યારે ઇંડાંને જગત્, માનતું પક્ષી સદાય.
પણ પછી ઇંડું ફોડીને, આવે માળા માંહ્ય;
ત્યારે તેને જગત આ ઘાસનું બન્યું જણાય.
માળામાંથી એક દિન, જોતાં નીકળી બ્હાર;
' જગત્ પાંદડાંમય હશે,' એમજ કરે વિચાર.
પણ છેવટ મોટું થતાં, જગત જુએ ઉડી દૂર;
ત્યારે સમજે મન મહિં શું છે જગતનું પૂર.

× અનુવાદ.

(૩૬) પ્રાર્થના. (અનુષ્ટુપ્)

વન્દું હું બાલભાવેથી,
પ્રભો ! વિશ્વતણા પિતા;
કેન્દ્ર છો સર્વ શક્તિના,
ગાઉં શું ગુણની ગીતા.
જોઉં બાજુ ઉંચે નીચે,
સઘળે આપ ભાસતા;
તલપૂર નહિં ખાલી,
રહો જોનારને છતા.
સૂર્ય, તારા, ગ્રહો ચંદ્ર,
અને કુદ્રતમાં બધે;
ભાસે છે આપની શક્તિ,
કહેતાં વાણી ના વધે.
વન્દુ છું આપને તાત !
ઉંડા અંતરથી પ્રભો !
આપની શક્તિને જાણું,
પ્રેરજો જ્ઞાન એ વિભો !

(૩૭) કેદ સારી કે જંગલ. (દોહરા)

સોનાના પિંજર મહિં, પોપટ પૂરાએલ;
ખાતો મેવા નિત નવા, વળી શીખેલ પઢેલ.



The Lakshmi [illegible] at Bombay

વન્દું હું બાલ ભાવથી, પ્રભો! વિશ્વના પિતા.
કેન્દ્ર છો સર્વશક્તિના ગાઇશ ગુણની ગીતા.

જોતાં પોપટ વન તણો, જે ઉડે છુટ માંહિ;
તે ઇચ્છે દૂર ઉડવા કેદ મહિંથી ક્યાંહિ.
સોનાનું પણ પાંજરૂં, મેવાની પણ ભીખ;
તેનાથી જંગલ ભલું, બંધનની નહિં બીક.

---

(૩૮) ઉંચે વધવાની ઇચ્છા.× (દોહરા.)

જડ જેવો પથરો કહે, ઉંચે વધવા કાજ;
"સુગંધી ફુલ મુજને કરો, પ્રભો ! આજને આજ."
ઝાડ પરે સ્થિર બેસવું, ફુલને ગમે ન કાંઇ;
તે ઉંચે ઉડવા ચહે, પંખી બનીને ક્યાંઇ.
ઉડતાં પંખી જ્યાં જૂએ, માણસ તણો વિકાસ;
ઇચ્છે માણસ બની અને જવા પ્રભની પાસ.
માણસ પોતે અલ્પ છે, પ્રભુનાં કૃત્ય સમીપ;
તે ઇચ્છે જો પ્રભુ થવા, તો આનન્દ અસીમ.

---

(૩૯) ક્રમે ક્રમે જ વધાય.× (દોહરા)

એક પછી પગલું બીજું ભરતાં ગાઉ ચલાય;
એક પછી ટાંકો બ જો વણતાં તંબુ વણાય.
એક એક કરી ઇંટની આખી ભીંત ચણાય;
એક એક થર ખોદતાં, ઉંડી ખાણુ ખણાય.

× અનુવાદ.

પરવાળાંનાં જંતુઓ એમજ કરી ઉપાય;
અસંખ્ય બેટ બનાવતાં, ક્રમે ક્રમેજ વધાય.

* * *

તો હું બાલક અલ્પ તે વધતાં વધતાં એમ;
મહાન પદ પર પ્હોંચવા તણી ન ધરૂં કાં નેમ ?

---

(૪૦) સ્નેહ અને સ્વાર્પણ.* (દોહરા)

મૃગ-મૃગલી બે સ્નેહીનો તરશ થકી જીવ જાય;
ત્યાં થોડું મળ્યું પાણી જે પૂરૂં એકને થાય.
બેઉ પરસ્પર ચ્હાય કે 'બચે સ્નેહીના પ્રાણ';
એમ ચહી જલ ના પીએ, કરે જીવ કુરબાન.
સ્નેહ હોય ત્યાં સ્વાર્થ નહિં, જીવની નહિં દરકાર;
સ્નેહી કાજ સ્વાર્પણ બને તોજ સ્નેહ ટકનાર.

---

(૪૧) મારો વિકાસ.* (ચોપાઇ)

ચંદ્ર, શૂક્ર, મંગલ ને ગુરૂ,
ચાર દેવ એ માથે ધરૂં;
રાતે ઉંઘું માતા કને,
ત્યારે એ મુજ મિત્રો બને.

---

* અનુવાદ.



[illegible]

જગ-જગની બે સ્નેહીઓના તરસ થકી જીવ જાય,
ત્યાં થોડું મળ્યું પાણી જે પૂરું એકને થાય

નવાં નવાં સ્વપ્નો મોકલે,
ત્યાં મારી આશાઓ ફળે;
અજવાળું મુજ ઉપર કરે,
મારૂં મન નિજ તેજે ભરે.
તેથી બુદ્ધિ ખિલતી થાય,
રોજ રોજ નવું કૈંક શીખાય;
દેવો તણી કૃપાથી એમ,
રોજ ખિલું હું ચાંદા જેમ.

---

(૪૨) હસતો બાલક.× (હરિગીત)

એ બાલ હસતો મેં દીઠો, તે સુખ મહિં જન્મેલ છે;
દેખાવ તેનો સ્વચ્છ ના, પણ મુખે હર્ષની રેલ છે.
તે ભોંયપર ગબડી પડે, પણ તો'ય કદીએ ના રડે;
જયમ કળ દબાતાં હાસ્યની પૂતળું હસે ત્યમ તે હસે.
મોતી ઝરે નિજ વચનમાં, અમીરાત તેના હાસ્યમાં;
નિજ ગાલમાં ખાડા પડે, મોજાં થકી જયમ રેતીમાં.
તે જાગતાં સાથે હસે, ને દિવસભર હસતો ફરે;
રમતો રમત વખતે છતાં, અભ્યાસ આનંદે કરે.
છોને ગમે ત્યમ દિન જતો, પણ તે કદી રડતો નહિં;
સો બાળથી રડતી સુરતનાં, એક એ સારો સહી.

× અનુવાદ.

(૪૩) માતાની ચિંતા.+ (દોહરા)

માતા, તું નવ હોય તો મારૂં શું અહિં થાય ?
ક્યાંકે તુજ વિણુ કો નથી જે મુજને કંઇ ન્હાય.

તુજ સાથે પ્રભુને નમું, ત્યાં મનમાં શું થાય;
તે તુજને કહીં ના શકું પણુ રોવાઇ જવાય.

ખાળી રાખું આંસુઓ, જોતાં તને ઉદાસ;
પણુ મારૂં અહિં શું બને ? જો તું હોય ન પાસ.

મુજ માટે તું રાત દિન કરે કેટલું કામ ?
ગરીબીમાં પણુ દે મને, સુખની સવડ તમામ.

રાત દિવસ મહેનત કરી, માંડ કરે ગુજરાન;
તે જોઉં પણુ ના મને મદદ કર્યાનું ભાન.

મુંઝાઉં હું આ કારણે, અને ઉંઘ ઉડ જાય;
દેખાઉં ઉંઘ માંહિ પણ, જાગૃત રહું સદાય.

પણુ તું મુજ મુખ જોઇને, મૂકે દીર્ઘ નિશ્વાસ;
તે હું જોઇ શકું નહિં, તેથી ઉંઘી જઉં ખાસ.

હજુ તો બાલક છેક હું, કરી ન શકું કંઇ કામ,
પણુ મુજ વય વધતાં તને, દઇશ માત વિશ્રામ.

+ અનુવાદ.



Th. F.k hmr Art,—bomb

પડછાયો છે મારો હાજર ખરેખરો,
જ્યાં જાઉં ત્યાં આવે મારી સાથેજ !

(૨૪) પડછાંયા.†

('ઓધવજી સંદેશો કેજો શ્યામને'—એ રાહ.)

પડછાંયો છે મારો દોસ્ત ખરેખરો,
જ્યાં જાઉં ત્યાં આવે મારી સાથ જો;
બ્હાર અને ઘરમાં એ મુજ સાથે ફરે,
પણ તેની સ્થિતિ સમજી નહિં શકાય જો.
મારા જેવું રૂપ સદા ધરતો રહે,
કરૂં કામ તે મુજ સમ કરતો એય જો;
આગળ પડી ખાડામાં આફત વ્હોરતો,
રક્ષણ કરતો તેજ રીતે મમ નિત્ય જો.
ઘડીકમાં આગળ ને ઘડીમાં પાછળે,
શી રીતે ચાલે તે ના સમજાય જો;
આગળ દોડે જ્યાં હું નિશાળે જઉં,
ઘેર જઉં ત્યાં ફરી પાછળ થઇ જાય જો.
ગલ્લી કુંચીમાં જાતાં પડખે ચડે,
ડાબે જમણે પાસે ઘડી ઘડી થાય જો;
વળી ઘડીક મારામાં સંતાઇ રહે,
પ્રકાશ દેખાતાં પાછો દેખાય જો.
એમ રમત રમતો તે રોજ નવી નવી,
તેની રમત તણા ના ભેદ કળાય જો;

† કંઇક ભાગ અનુવાદ રૂપે.

ઇચ્છાઓ થાતી એ ભેદ ઉકેલવા,
વિચારતાં કંઈ નવું નવુંજ શીખાય જો.

તેવો પણ અણુદીઠો બીજો મિત્ર છે,
તેય રહે પડછાંયા જ્યમ મમ સાથ જો;
પણ તે આ નજરે કદીએ દેખાય ના,
તોય નિજના પ્રકાશ થકી જણાય જો.

મારા મનમાં રહી નવું નવું શીખવે,
ઇચ્છાઓ ઉપજાવી પાડે પાર જો;
જાગું ઉંઘું સહુ વખતે રક્ષા કરે,
એ વ્હાલો મમ મિત્ર પ્રભુ પોતેજ જો.

---

(૪૫)　　વટવૃક્ષ.§　　(તોટક)

લઘુ બીજ રૂપે વટવૃક્ષ હતું,
તહિંથી કૂપમાં પડયું તે અચિંત્યું;
પછી કોસ મહિં જલ સાથ ગયું,
કરી મારગ પૃથ્વી મહિંજ રહ્યું.

જલ સિંચનથી પછી ઉંચું ચડયું,
ચહી દર્શન સૂર્યનું બ્હાર પડયું;

---

§ અનુવાદ.

તવ માત્ર હતાં દલ બેજ ઝીણાં,
થડ એ કુમળું સહુ તેજ હીણાં.
કંઈ કાલ જતાં ધીમું ધીમું પછી,
જલપાન અને રવિ તેજ થકી;
કદમાં, બલમાં, વળી તેજ મહિં,
વટવૃક્ષ વધે નિયમિત રહી.

ઝીણું સૂત્ર સમું નિજ મૂળ હતું,
પણ તે વધીને ખૂબ મોટું થતું;
વડ થાય ઉંચો, મૂળ જાય નીચે,
જહિં સુધી જમીન જગા કરી દે.

અહિંઆં વધતું, મૂળ ત્યાં વધતું,
ઉંડું ઉંડું જતું ઝડપે કૂદતું;
પછી પત્થરમાં ખડકે ખૂચતું,
વડને પકડી તહિં સ્થિર થતું.

પવને વરસાદ તણી ઝપટે,
સહુ વૃક્ષ જતાં ઉખડી પણ તે;
વટવૃક્ષ તુફાન બધાંય સહે,
પડવા બદલે વધતુંજ રહે.

બહુ જંતુ વિહંગ અને પશુને,
વળી માણુસને પણ આશ્રય દે;

બહુ કાળ સુધી વધતું રહીને,
પડી જાય પછી પણ કામનું એ.
બીજ નાનું હતું તરુ તેજ થયું,
વળી અન્ય તણું ઉપયોગી રહ્યું;
વધતાં વધતાં ત્યમ બાલક હું,
જગમાત્ર તણું ઉપયોગી બનું.

(૪૬) તીર અને કવિતા.§ (ચોપાઇ)

એક વખત મેં ફેંક્યું તીર,
તે જઈ ખૂચ્યું કોણ શરીર;
તે મુજ નજર શકી નહિં જોઇ,
તીરના ખબર ન લાવ્યું કોઈ.
એક વખત કવિતાના સૂર
થકી મેં હવા કરી રસપૂર;
પણ તે સ્વર થઇ ગયો વિલુપ્ત,
કાવ્યની વાત રહી ગઇ ગુપ્ત.
પણ બહુ કાળ પછી એ તીર,
દીઠું મેં વૃક્ષને શરીર;
ને એ ગાન તણા સહુ બોલ,
મિત્ર હૃદયમાં દીઠા અમોલ.

§ અનુવાદ.



The [illegible] Art [illegible]

પ્રણમું પ્રભુ આપ તણાં ચરણ,
હે નાથ આપ તણા શરણ
નથી આશ્રય કો પ્રભુ આપ વિના
કહું વિનતિને શું હું મુખ વિના ?

(૪૭) **પ્રાર્થના.** (તોટક)

પ્રણમું પ્રભુ આપ તણાં ચરણે,
ધરૂં અંતર આપ તણા શરણે;
મન બુદ્ધિ તણોય વિકાસ કરો,
મુજ આત્મ મહિં નિજ તેજ ભરો.
પ્રભુ આપ અણુ અણુમાંહિ વસો,
ઘડી દૂર ઘડીક નજીક હસો;
નિરખું પ્રભુ આપની મૂર્તિ બધે,
કહીં તો મુજ મોજ અથાગ વધે.
પણ મીટ ન માંડી શકાય પૂરી,
તવ દર્શનની ઝાંખી રહે અધૂરી;
નિજ પાવક સ્પર્શથી શુદ્ધ કરો,
હૃદયે પ્રભુ નિજ વિશુદ્ધિ ભરો.
દીનબન્ધુ તણું પદ જાળવજો,
પ્રભુ આપ્ત ગણી વચને પળજો;
નથી આશ્રય કો પ્રભુ આપ વિના,
કહું વિસ્તરીને શું હું મુજ બિના ?

(૪૮) **અવસર અને અંત§** (મનહર)

જોઇ ઠામ ઠેકાણું તપાસી સીધી મારો ખીલી,
હથોડાનો માર મારો બરાબર ઉપરે;

§ અનુવાદ.

પૂરેપૂરૂં જોર કરી, અફર ઘા મારો જ્યારે,
લોઢું તપી લાલચોળ બન્યું હોય ખૂબરે.
જ્યારે જ્યારે કંઇ કામ કરવાનું હોય ત્યારે,
અવસર જોઇ કરો પૂરે પૂરા હેતથી;
શિખરે પહોંચવાને ટેકરીઓ ચડવાની,
એક એક પગથીએ વધવાનું બેતથી.
તળેટીમાં ઉભા રહી આકાશમાં જોયા કરી,
વિચારમાં બેસી રહ્યે ડુંગર ચડાય કે ?
ઘડી ઘડી પડી જાઓ, તો'ય પણ ઉભા થઇ,
પ્રયત્નથી ટોચે જાઓ એમાંજ વડાઇ છે.

(૪૯) સેવા. (દોહરા)

ભૂખ્યાંને દે અન્ન ને, તરસ્યાંને જલ પાય;
માંદાંને આપે દવા, અનાથનો કર સ્હાય.
ધંધાદારી ભિખારીઓ સેવા લૂંટી ખાય;
તેથી એ સેવા ભલી, પણ એ અધુરી ગણાય.
એ સહુ જન સેવા થકી માત્ર શરીર પોષાય;
મન બુદ્ધિ આત્મા તણું તેથી શ્રેય ન થાય.
સમાજનાં મન બુદ્ધિ ને આત્મા ઉન્નત થાય;
સમાજને ત્યમ કેળવો, કરીને કોટિ ઉપાય.

બાંધો, પરબ નિશાળની, વાચન-ગૃહ મંદિર;
અન્નસત્ર પુસ્તક તણું, જ્ઞાન સદાવ્રત; વીર !
માત્ર શરીર પોષણ તણાં પૂણ્ય કાર્ય છે શૂન્ય;
મન બુદ્ધિ આત્મા તણાં પોષણથી ખરૂં પૂણ્ય.

---

(૫૦) નમ્ર ચંબેલી.* (દોહરા)

શીતળ લીલી છાંયમાં, ચંબેલીની વેલ;
શરમાતાં બાલક સમી, છાની કરતી ગેલ.
શોભે રાજ મુકુટમાં તેવાં સુન્દર ફૂલ;
ખરતાં અહિં, કાંકે નહિં, સંજોગો અનુકૂલ !
પણ એ અહિં સંતોષથી પસરાવતી સુવાસ,
છાની સેવા ત્યમ કરે બની જગતની દાસ.
શીખું હું જઈ બાગમાં, એ ફુલનાં રૂપ ગુણ,
નમ્ર રહી ક્યમ ખિલવું, વાળવું ક્યમ પ્રભુ-ઋણ.

(૫૧) લડાઇની તૈયારી.* (ચોપાઈ)

આવો બાલક બખ્તર દઉં,
લડાઈમાં જાતાં શીખવું;

---

* અનુવાદ.

ધરો પ્રમાણિકતાની ઢાલ,
છાતીની એ લે સંભાળ.

મુકુટ સ્વમાન તણો શિર ધરો,
તે પર સત્યની કલગી કરો;
સ્નેહ, દયા, નમ્રતા, વિવેક,
એ હથિયાર સજો બની નેક.

આ બખ્તર ને શસ્ત્રો વડે,
જીવન-કલહમાં જય સાંપડે.
આ રીત સજ્જ થતાં ભય નહિં,
માત્ર પ્રભુથી બ્હીવું સહી.

---

(૫૨) ખિસકોલી અને પહાડ.* (તોટક)

ખિસકોલી ઉભી હતી પ્હાડ કને,
તહિં પ્હાડ બહુ મગરૂર બને;
નિજ અંતર માંહિ વિચાર કરે,
'લઘુ પ્રાણી શું મુજ પરેય ફરે'!
"ચગદી દઉં ઓ ખિસખોલી તને;
શીદ કૂદતી નાની છતાં હુ કને?

---

* અનુવાદ.

તુજ શેખી તણું ફળ તર્ત દઉં,
વડીલો સહુ વર્તનને શીખવું."
ખિસખોલી કહેતી "મુરબ્બી સુણો,
નવ દેહ પૂજાય, પૂજાય ગુણો,
બહુ મોટું શરીર તમે ધરતા,
પણ ગુણ મહિં તમ, છે જડતા,

લઘુ દેહ ધરૂં, પણ ચેતન હું,
કૂદતી રમતી દૂર નાસી શકું;
સરિતા, સર, જંગલ આપ પરે,
પણ ચેતનહીણથી કોણ ડરે?"

પ્રભૂએ સરજ્યું સઘળું શુભ તે,
નિજ સ્થાન મહિં સહુ યોગ્યજ છે;
નહિં મોટું રૂડું, નહિં નાનું ભૂંડું,
સઘળું ય રૂડું, કંઇ એ ન કુડું.

---

(૫૩) રા. રા. કોઈ અજાણ્યા પુરૂષ.*

ઉંદર જેવો છૂપી રહેતો, ચોર એક છે નરતો;
ઘરમાં કે ઘર બ્હાર બધાને નુકશાની એ કરતો.

---

* અનુવાદ.

નથી કોઈએ જોયો તેને, તોપણ સહુ પિછાણે,
ફૂટતાં તૂટતાં નામ તેનું દે, કહે 'કર્યું કોઈ અજાણ્યે!'
ચોપડીઓ પણ તેજ ફાડતો બાર ઉઘાડાં મુકે;
કચરા પાડે જમીન પરે ને ભીંત પરે જઇ થુંકે!
કપડાં પર એ ડાઘ પાડતો કાદવ ઘરમાં લાવે;
ન્હાવાનું પણ ભુલી જવાને કોઈ અજાણ્યો ફૂહાવે!
કાંકે ના કહીએય આપણે કાંઇ ભૂલ કરવાના,
"કર્યું હશે કોઈક અજાણ્યે"! એજ બાનું દેવાના!
પણ કંઇ સારૂં બન્યું હશે તે કરે ન કોઈ અજાણ્યો,
કંઇ દૂરની વગ હોય તેથી કરનાર મને ઝટ જાણો.

---

(૫૪) સ્વપ્ન અને તરંગ.* (હરિગીત)

જો પક્ષીના જેવી મને દેવે દીધી હત પાંખ બે,
પીંછાં સમારી ઉડતાં શીખ્યો હું હત માતા કને;
તો દોસ્ત ઉડી તુરત આવત, આવવા જ્યાં તું કહે,
પણ વિચારો શા કામના? હું આંહે ને તું ત્યાં રહે.
પણ ઉંઘમાં હું પાંખ ફફડાવી હમેશાં ઉડતો,
તારી કને તું હોય ત્યાં હું સ્વપ્નમાં પ્હોંચી જતો;

---

* અનુવાદ.



The Lakshmi Art — Bombay

કોઈ ના કહીંયેય આપણ કાર્ય ભલ કરતા
“ કર્યું હશે કોઈક અગણ્ય કામ ” એમજ માનું કેવાના.

સ્વપ્ને જગતનું રાજ્ય ભોગવવું ય સ્હેલને સ્હેલ છે,
પણ જાગતાં બનું એકલો, ત્યાં પ્હોંચવું મુશ્કેલ છે.
વળી ઉંઘ માને કોઇનું ના, પિતા કે શિક્ષક તણું;
રાજાનું એ માને નહિ, તે આવીને ઉડી જતી.
તેથી દીવસભર સ્વપ્નની હું રાહ જોઉં ફરી ફરી,
ને રાત થાતાં ઉંઘતો ને ઉડતો પાંખો ધરી.

---

(૫૫) મારો પતંગ. (ગીત).

આમ ઉડે, તેમ ઉડે, ઉડે અહા શો પતંગ!
પવન લ્હેરે સ્વાર બની શો ઉડે! બનું જોઇ દંગ!
જોઈ ઉડવા થાય ઉમંગ.

હૃદય બીનના તાર સમો શો નાચતો તેનો દોર!
દોર નાચે ત્યમ મનડું નાચે, અહા શું તેનું જોર!
મને ઉપજે આનન્દ ઓર!

એજ પતંગના દોરે બેન્જામિને વીજળી બાંધી બેર,
નોકર રૂપે કામ કરાવવા ફેરવી શ્હેરે શ્હેર!
પતંગ ઉડાવવાથી શી લ્હેર!

રમતમાં પણ ધ્યાન ધરો તો થાય નવી નવી શોધ,
કારણકે રમતાં નવ હોએ મન બુદ્ધિનો રોધ;
માટે રમવાનો દો બોધ.

(૫૬) સુખી કોણ ?* (ગઝલ).

સુખી જેને ન કંઇ પરવા, પિતાના વારસા કેરી,
અને નિજ વાડીમાં જેને સ્વદેશે મ્હાલવાનું છે.

પીવાને દૂધ ગાયોનાં અને ખોરાક વાડીના,
મળે જેને વિના યત્ને સુવસ્ત્રો વાડી-ઘેટાંનાં.
શિયાળે અગ્નિ વૃક્ષોથી, ઉન્હાળે છાંયડો ટાઢો,
કલાકો દીવસો વર્ષો જતાં ત્યાં મોજમાં જેને.

દિવસ શાન્તિ મહિં ગાળે નિરાંતે જે ઉંઘે રાત્રે;
સુખે આનન્દ, અભ્યાસ, કરી વિશ્રામ જે પામે.

જીવનનો માર્ગ નિર્દોષ બનાવી જે મચી રૂહે છે,
કળા, વિદ્યા, નવી શોધો, પ્રભૂનાં જ્ઞાનની માંહે.

સુખે એ રીતથી રૂહેતાં, ન કો' દુઃખી જીવન અન્તે;
જતાં ચોરાઇ આંહિથી, ન કંઇ નિશાન રૂહે છેલ્લે.

---

(૫૭) ભૂલોનો ક્રમ.× (ચોપાઇ).

વિચાર યોગ્ય રીતે ના થાય, તો ઇચ્છા નવી નવી ઉભરાય;
ઇચ્છામાંથી આગ્રહ થાય, આગ્રહ તૂટતાં ક્રોધ ભરાય.

ને માણુસ આવે રીસ મહિં, સાચું ખોટું સમજે નહિં;
નિયમ વિવેક, સહુ ભૂલી જાય, તેની બુદ્ધિ, બૂઠી થાય.

---

* અનુવાદ. × મિશ્ર અનુવાદ.

લગામ મનની હાથે ધરો, ઇચ્છા પણ હદમાં રહી કરો;
ખોટો આગ્રહ કરીએ નહિં, દશ ગણવા રીસ આવે તહિં.
શક્તિમાન તે જે ના તપે, ક્રોધી તો નબળામાં ખપે;
વિવેકને વશ તે જન સુખી, લાગણીને વશ તે છે દુઃખી.

(૫૮) સ્વદેશ બન્ધુઓને સાદ. (ગીત).

મારાં હિન્દજનો બાપુડીઆં આવો, માતાની હુંફ માંહ્ય,
પ્યારાં બન્ધુજનો જયનાં ગીત ગાઓ, છે માતાની છાંય;
મારાં.

સુખીઆં દુખીઆં સહુ કો, આવો, બાળક સાથે વૃદ્ધો આવો,
હિંદુ, મુસલ્મીન, પારસી, સર્વે આવો ભગિની ભાઈ.
મારાં.

ધર્મ કોમના તજી મતાંતર, ભાષા ભિન્નનું ગણો ન અંતર;
એક બનો તો જય તદનંતર હિન્દ માતનો થાય.
મારાં.

હિન્દ ભૂમિ શી માત આપણી, હિન્દી પુરાતન જાત આપણી;
ધ્યાન ધરી શું વિસાત આપણી તે જણવો જગ માંહ્ય.
મારાં.

જગત–ધર્મના પિતા આપણે, ગાઈ પ્રેમની ગીતા આપણે;
કર્મ ત્રમાં બ્હીતા આપણે!?! માતની કુખ લજવાય!
મારાં.

(૫૯) પ્રાર્થના. (દ્રુત વિલંબિત).

પ્રણમું હું પ્રભુ આપ પદાંબુજે,
સ્મરણ આપનું આત્મ ઉંડે પૂજે;
દૂર વસો પ્રભુ કિન્તુ નજીક છો!
મહત કિંતુ અણુ અણુમાં રહો!
વિનિતતા અવિવેકી હુંમાં ભરો;
શમન મોહ તૃષાનું પ્રભુ કરો;
ભૂત દયા પ્રભુ અંતર વિસ્તરો,
દમન બાલકના મનનું કરો.

બહિર અંતર શુદ્ધ બની જવું,
નિજ સુરાગથી રંજિત છે થવું;
પ્રભુ કૃપાથી પૂરો અભિલાષ એ,
પ્રણમી માગું ધરી શુભ આશને.

(૬૦) શું બોલવું ? (તોટક).

પ્રભુએ મુજને શુભ વાણી દીધી,
શુભ રીતથી વાપરવાનું ચિંધી;
વદું કોણ સમીપ, કહિં, શીદ, શું ?
કરી ચાર વિચાર પછી ઉચરૂં.



The Lakshmi Art - Bombay

ચોર અને ભીખારીના કામો ક્ષુદ્ર ગણાય,
માણસને અણછાજતા, સ્વમાન જથી

નવ અર્થ વિનાનું કદી બકવું,
પરની કુથલી થકી દૂર થવું;
પ્રભુ પ્રેરિત સત્ય પ્રકાશ કરૂં;
ત્યમ લાયકી વાણીની સિદ્ધ કરૂં.

અવળા ઉપયોગથી શક્તિ તણા,
નુકસાન જણાય નહિં હમણાં;
પણ શક્તિ તણો ક્ષય તેથી બને,
નવ વાણી રહે પછી માનવને.

---

(૬૧) ચોર અને ભીખારી. (દોહરા.)

ચોર અને ભીખારીનાં કામો ક્ષુદ્ર ગણાય,
માણુસને અણછાજતાં, સ્વમાન જેથી જાય,

માણુસ જાત પરસ્પરે ભાઇ ભાઇ કહેવાય;
તેની મ્હેનતનાં ફળો ચોરો લૂટી ખાય.

શક્તિ માણુસને દીધી કરવા પ્રભુએ કામ,
તેમ છતાં ભીખ માગતા, દઇને પ્રભુનું નામ.

ચોર ભીખારી એ રીતે પ્રભુના ગુનેહ્ગાર;
સમાજના શત્રુ બની નિત્ય લોહી ચૂસનાર.

આપો આશ્રય એમને તેમાં મોટું પાપ;
મદદ અનાથોને કરો તો તો પૂણ્ય અમાપ.

શક્તિવાનને ભીખ દો તે સઘળી કરી એક,
સ્થાપો વિદ્યાલય બધે, તો તો લાભ અનેક.

---

(૬૨) સ્વાર્પણ અને પરોપકાર.* (ગઝલ).

ચંડુલ અને બુલબુલ આ શું મધુર મધુરૂં ગાય છે?
શું કોકિલા, મેનાં તણા સ્વરથી હૃદયમા થાય છે?

ગુંજાર ભમરાનો કમળ પર, ફુલ પરે મધમાખીનો,
ગીત હર્ષ શોક તણાં શું શીખવે? કમ શું દુનિઆં આખીનો?

"મ્હાઓ-સહો" "મ્હાઓ-સહો" એ પુકારી સર્વે કહે,
આપ્યા થકીજ મળે, ખરે જ્યમ વ્હે નદી તે શુદ્ધ રૂહે;

કિરણો પ્રકાશ તણાં બધાં જે સંઘરે તે શ્યામ રૂહે;
એકે ન કિરણ સાચવે તે ચીજ શ્વેત સ્વયં રહે.

કીર્તિ-સુગંધ બળ્યા થકી પસરે સુખડ ને સુમનની;
વળી મધુરતા પ્રકટે છુદાતા શેલડી ને સુજનની.

---

* અનુવાદ.

(૬૩) ×એક અંધ બાલક. (હરિગીત).

જેને પ્રકાશ કહો તમે, તે ચીજ શું, ને કેવી છે ?
તે દીન બાલ, અપંગ, મુજ સમને શું જોવા જેવી છે?
ના દૃષ્ટિનું સુખ ભોગવ્યું મેં જીંદગી આખી મહિં,
ત્યમ અંધકાર વિના બીજું હું જોઈ શકીશ કદી નહિ.

બહુ ભિન્ન ભિન્ન વિચિત્ર દૃશ્યોનાં વખાણ તમો કરો,
શશી, સૂર્ય, તારા ગણ તણાં દૃષ્ટાંત મુજ પાસે ધરો;
પણ સૂર્ય માટે એટલું હું જાણું કે તે ઉષ્ણ છે;
આકાર સહુના ભિન્ન પણ સહુ રંગમાં તો કૃષ્ણ છે.

તો સૂર્યનાય પ્રકાશની હું વાત કયમ માની શકું ?
તે દિવસ રાત કરે શી રીતે તેય કયમ ધારી શકું ?
હું ઉંઘતો તે રાત મારી, ને રમું તે દિવસ છે;
ને જો કદી ઉંઘું નહિ તો નિત્ય મારે દિવસ રૂહે.

મારી સ્થિતિ આ દુઃખીથી નિશ્વાસ નાંખો છો તમે !
પણ હું ન સમજી શકું જે સુખ તે વિના મુજને ગમે.
તો જે મને મળી ના શકે તે મસ્તી મારી ના લૂંટો;
હું ભૂપ સમ ગીત ગાઉં ત્યા, છો રોજ મમ આંખો ફૂટો.

× અનુવાદ. * અર્ધ અનુવાદ.

(૬૪) ચાર્જ ઑફ ધિ લાઈટ્ બ્રિગેડ.*

(પૃથ્વી)

(લાઈટ્ બ્રિગેડ નામની ટુકડીનો હુમલો.)

હુડુડુડુડુ ધોમ્બ્, હુડુડુડુડુ ધોમ્બ, ગાજી રહ્યું,
બધા ખળભળે, અવાજ શુણી દૂરથી તોપના;
સહુ મૂઢ બને, નકો' કહી શકે, થશે આજ શું,
મનો ધબકતાં, શુણી અરિ જયો જરા દૂરના.

(મંદાક્રાન્તા.)

પોણા ગાઉ ઉપર ફૂટતી તોપ શત્રુ તણી ત્યાં,
તૈયારીમાં બ્રિટન સુભટો હારવાની હતા જ્યાં;
ત્યાં કોઈએ, ભૂલ મહિં કહ્યું, 'લાઈટ્ બ્રિગેડો ધસોને,
તોપો સામે, શૂરવીરપણે, ને હણો શત્રુઓને.'
મુંગે મોઢે, કંઈ પણ પૂછ્યા વિણ તેઓ ધસે છે,
શત્રુ સામા, જરી પણ નકો' મોતની બીક રાખે;
કો'ના ચિત્તે જરી પણ કરે 'શું થશે?' એ વિચારો,
કિન્તુ હર્ષે ધસી સહુ ગયા નિજ શસ્ત્રો ઉગામી.
બન્ને બાજૂ મૂખ ભણી વળી તોપ ફૂટયા કરે છે,
ઘા વાગે તો બહુ બહુ ધસે જોસથી શૂર સર્વે;

* અનુવાદ.

જાણી જોઇ મરણ મૂખમાં હર્ષથી તે ઘુમે છે,
ને મારે છે નિજ અસિ થકી શત્રુ જે તોપ ફોડે.
જેવાં શસ્ત્રો ચળકી નીકળે મ્યાનની બ્હાર તેવાં,
જ્યાં આકાશે ઝનનન કરે શબ્દ તે મેઘ જેવા;
ને અંજાએ નયન અરિનાં તે તણા તેજથી જ્યાં,
ત્યાં તો નીચે ટપટપ પડે મસ્તકો શત્રુ કેરાં.

(શિખરિણિ.)

ધૂમાડામાં ઘુસી શૂરથી રૂસ, કોસેક, હણતા,
બધા આશ્ચર્યે કૂહે 'જગ મહિં ન કો' એ કરી શકે;'
ઉડાવી ઉત્સાહે વિજય ધ્વજ શત્રુ દળ હણી,
ફરે પાછા તેઓ, પણ નહિં છસેં તે શૂરપુરા.

(મન્દાક્રાન્તા.)

બન્ને બાજૂ પીઠ ભણી વળી તોપ ફૂટયા કરે છે;
પાછા આવે વિજય કરીને હોંશથી શૂર સર્વે;
મૃત્યુ કેરા દુઃખદ મૂખથી સર્વ પાછા ફરે છે,
છસોમાંથી બચી રહી ગયા જે શૂરા લાઇટ્‌બ્રિગેડો.

(સ્વાગતા.)

શું કદાપિ જરી કીર્તિ ભુંસાશે
લાઇટ્‌બ્રિગેડ તણી આ ભૂમહિંથી ?
ધન્ય ધન્ય શૂર સૈન્ય છસોનું,
ધન્ય ધન્ય તવ શૌર્ય રૂડેરૂં !

— —

(૬૫)　દેશભક્તિ.*　(શાર્દૂલવિક્રીડિત)

આ ભૂમિતલને દુષિત કરતો નિર્જીવ આત્મા છતાં,
શું ત્યાં છે જન કો' હજુ અધમતામાં ડુબતો મૂર્ખશો ?
ના જેનું મન છે પવિત્ર મનને ભીંજાયલું કો'દિને,
"કે આ માતૃભૂમિ મધુરી મુજની છે ટોચ સૌંદર્યની."

દૂર દ્વીપ મહિં પશુ સમ બહુ વર્ષો સુધી આથડી,
માતૃભૂમિ–સ્વદેશ તર્ફ ફરતાં, જે ક્ષાર ના પીગળે;
આત્માકૃતિ–સ્વદેશ માટ પ્રીતિથી–ઉદ્‌ભૂત સ્નેહાર્ણવે,
તે પાપાકરને ઝીણી નજરથી પૂરેપૂરો જોઈ લ્યો.

છો ને તે બહુ માનવન્ત, પૂંછડાંવાળો, પશુ જ્ઞાનવાન્,
તૃષ્ણાપૂરિત દ્રવ્યવાન્, અખૂટ સંપત્તિ–શ્રી–વિભૂતિવાન્,
તો એ છે કવિ વર્ગ તર્ફથી સદા તેને મૂંખે ખાસડાં,
ના ક્યારે શૂર દેશ પ્રેમી સમ તેનાં ગીતડાં ગાય તે.

આ સંસાર તણી બધી અધમતાનું મૂળ પોતે બની,
તે જીવે તદપિ મૂઆ સમ અને કીર્તિવિનાનો જશે;
ને અન્તે દુચરીતિના મરણથી તે ધૂળમાંહે મળે,
તેના મોતથી દુઃખી કોઈ ન બને, માનાર્થ તેના ન કૈં.

---

* અનુવાદ.



The Laksh[illegible] [illegible] [illegible]

(૬૬) કર્તવ્ય ચિત્ર.

(અનુષ્ટુપ)

કર્તવ્ય ! કેમ ઘા થાએ ? સ્નેહીનાં હૃદયે કહે;
અમીનું વ્હેન જે શોધે, તેને કા વિષ આપવું ?

(વસંતતિલકા)

છે એક પાસ શબ રોહિત પુત્ર કેરૂં,
તારામતી સતી રડે દુઃખી એક પાસે;
ના વસ્ત્ર એક વિણ બીજું હતું શરીરે,
મર્યાદ સાચવી શકે બહુ એ પ્રયત્ને.

સમ્બન્ધીના જગતમાં રહ્યું કોઇ એ છે,
આધાર એક પ્રિય પુત્ર હતો–ગયો એ;
ના કાષ્ટ પૂર્ણ મળતા શબ બાળવાને,
તો આપવો કર સ્મશાન તણો કયહિંથી ?

(અનુષ્ટુપ્)

ચાન્ડાલ વેશમાં ઉભો, નૃપ તે જાણતો સહુ;
કર્તવ્ય–વશ થાતાં એ પરન્તુ કર માગતો.

(વસંતતિલકા.)

બોલે સતી અરર આર્ય ! હું પાસ ના કૈં,
ના દેહની ઉપર એ મુજ માલિકી છે;

કર્તવ્યને વશ બની સ્થિતિ આ હું પામી,
ચાન્ડાલ કાર્ય પતિએ વળી છે સ્વીકાર્યું.
કર્તવ્યને વશ બનું બસ એજ ધર્મ,
ના આત્મઘાત કરતી વળી કારણે એ;
આજ્ઞા કદી જીવન નાથની જો મળે તો,
આ દેહની પણ મને નવ વાંચ્છના છે."

(અનુષ્ટુપ.)

સાંભળે ભગ્ન હૈયાંથી હરિશ્ચંદ્ર બધુંય આ,
જણાવી નામ પોતાનું સતીને શબ્દ આ કહે,

(વસંતતિલકા)

"ના હક્ક કાંઈ મુજનો તુજ ઉપરે છે,
કિન્તુ ન માલિક તણી શકું લોપી આજ્ઞા;
ચાંડાલ હું—નૃપ, સતિ, તુજને હણું છું,
કર્તવ્યને વશ થતાં કરનેજ સાટે."

(અનુષ્ટુપ)

એ શબ્દો બોલતાં સાથે, શસ્ત્ર ઉગામતો નૃપ;
શબ્દો ત્યાં કર્ણને પ્હોંચે, "હરિશ્ચંદ્ર ધીરા બનો.

(વસંતતિલકા)

"ના અન્ત આ થકી વિશેષ લઈ શકું હું,
"બ્રૂહિ વર" કહી ઋષિ પ્રકટે તહિં તો;

"જાઓ સ્વરાજ્ય પતિ હો:"–"પ્રભૂ પુત્ર–પુત્ર."
"તે એ સજીવન થશે મુજ આશિષોથી"

(અનુષ્ટુપ્).

સર્પનું વિષ ઉતાર્યું, ઋષિએ રોહિતાશ્વને;
ગયાં સ્હો આશિષો પામીઃ એ ફ્લો ધર્મ પૂર્તિનાં.

(૬૭) કેસૅબિએન્કા.* (હરિગીત).

નેપોલિઅન, નેલ્સન, સમા કર્તવ્યશીલ વીરો જહિં,
વિખ્યાત વિગ્રહ નાઇલનામાં પ્રજાનું ભાવિ રચે;
એ પ્રભાથી કર્તવ્યની, કો' ફ્રેંચ વીરનો સુત તહિં,
કેસૅબિએન્કા નામનો, કર્તવ્યશીલ સ્વાર્પણ કરે.

* * *

બળતા તુતકપર વ્હાણના એ ધીર બાલ ઉભો હતો,
ચોતરફ શતશિખ જ્વાળ ફુંકતો અગ્નિ પણ વધતો હતો;
અનુશાસતો જ્યમ તુફાનોને, ધીર વીર ઉદાત્ત એ,
દેખાય બાલ છતાં પ્રતાપી, એકલો તહિં એ રહે.

પલપલ વધે અગ્નિ અને આ બાલની ઉપર ધસે,
પણ તાતની આજ્ઞા વિના ના તસુ પણ આઘો ચસે;

---

* અનુવાદ.

"ઓ પિતા, શું મારૂં હજી કર્તવ્ય પૂર્ણ નથી થયું?"
ફરી ફરી પૂછતો તાતને, પણ તેનું તો મૃત્યુ થયું.
"ઓ પિતા, કંઇ બોલો હજુ તો કામ છોડી જઉં કહિ"
પલ પલ પુકારે વીર એ; પણ કંઇ જવાબ મળે નહિ.
આવે જવાબ મહિં અવાજો, તોપના ગોળા સહે,
પ્રશ્વાસ અગ્નિ પ્રચંડના, ને સૂસવાટ થતા રહે.
ઓ હાય! જ્વાળ કરાળ તેના વાળને હાવાં ગ્રસે,
થાએ નિરાશા સર્વથા, પણ ધીર તે દૂર ના ખસે.
વળી એકવાર ફરીથી એ, કહેતો પુકારી તાતને,
'વ્હાલા પિતા! હું આ સ્થળે રહું તેજ શું આજ્ઞા મને?'
પણ વાક્ય એ પૂરૂં થતામાં, અગ્નિની જ્વાળા અરે!
શઠ કાઠીને વિંધી ધસે, એ વીર બાલક ઉપરે!
ને તુર્ત તેની સાથ વ્હાણ સમગ્ર પણ ગુમ થઇ ગયું?
જયધ્વજ રૂપે આકાશમાં અગ્નિ એ પણ ઉડવા ચહ્યું!

* * * * *

એ યુદ્ધમાં બહુ સૈનિકો-યોદ્ધા મહાન પડયા હશે,
કંઇ કંઈ ખૂવારી જાનમાલની-દ્રવ્યની પણ, થઇ હશે;
પણ જગતને એ નાશથી નહિં એટલી હાનિ થઈ,
કર્ત્તવ્ય-યજ્ઞે બલિ થતા, વીર-બાલ-મૃત્યુથી જે થઈ.

---

(૬૮) પ્રાર્થના. (લલિત)

પ્રભુ પિતા અહો, શાંતિસ્થાન છો !
સકલ વિશ્વના આદિ પ્રાણ છો !
તરલચિત્તમાં શાંતિ સ્થાપજો,
પ્રણમી માગું છું એજ આપજો.

નિજ વિશુદ્ધિના અંશથી દૂર,
મલિન માહરૂં ચિત્ત અસ્થિર;
અસુર–વૃત્તિથી તાત રક્ષજો,
પ્રણમી માગું છું એજ બક્ષજો.

તિમિર ગાઢનાં અંતરે પડો,
હ્રદયમાં ભર્યો સ્વાર્થનો સડો;
નિજ પ્રકાશથી દૂર તે કરો,
પ્રણમી માગું છું કંઇ દયા ધરો.

પ્રભુ ! દયા તણી યાચના કરૂં,
પણ નહિં દયા કો’ પરે ધરૂં;
અધમતા ન એ ધ્યાન ધારશો;
વિપથગામીને નાથ તારશો.

(અનુષ્ટુપ)

કાર્પણ્ય દોષથી મૂઢ, કર્તવ્ય માર્ગ હું ભૂલું;
બતાવો શ્રેયનો પન્થ, શિષ્ય છું આપનો પ્રભુ !

— —

(૬૯) અમારી શાળા. (ગઝલ)

અમારી સાથ નિશાળે, પ્રભુનાં બાલકો આવે;
પ્રભુ પોતે ગુરૂ થઇને, અમોને પાઠ શીખાવે.

અમારી મૂર્ખતા ટાળી, અમોને જ્ઞાન એ આપે;
અનેરી ચેતના જગવી, અમારી મંદતા કાપે.

ભરેલા મેલથી પૂરા, અમોને શુદ્ધ એ કરતા;
અમારી બીક છોડાવી, હૃદયમાં શૌર્યને ભરતા.

પશુમાંથી અમે દેવો, ગુરૂના યોગથી થાતા;
પ્રભુનાં બાલકો સાથે, સદા ઉન્નત પદે જાતા.

(૭૦) નિષ્કામ કર્મ. (દોહરા.)

માણુસ પ્રભુના ટ્રસ્ટીઓ, પ્રજા તણા જયમ ભૂપ;
વિશ્વાસે સોપાયલાં કરવા કામ અનૂપ.

રાજ્ય પ્રજાએ સોંપ્યું તે, પ્રજા તણા હિત કાજ;
પ્રજા વતીજ ચલાવતા, પ્રજા તણા શિરતાજ.

પ્રભુએ માણુસને દીધું માનવ જીવન તેમ;
માણુસ જાત તણું સદા કરવા કુશળ ક્ષેમ.

એ કામો વિશ્વાસનાં, પ્રભુથી સોંપાએલ;
માની ફરજ બજાવવાં પ્રજા સાથ કરી મેળ.



અમારી સાથ નિશાળ પ્રેમના [illegible] આવે,

[illegible] પાને, [illegible] અમાને [illegible]

સેવા માણુસ જાતની, તે સેવા પ્રભુનીજ;
ધર્મ–કોમના ભેદ વિણુ, સર્વ પ્રજા વિભૂનીજ.
સર્વ ધર્મનો સાર એ, સર્વ ગુરૂનો બોધ;
"જ્યાં સેવા ત્યાં પ્રભુ વસે" કરી રાખજો નોંધ.

--

(૭૧) **આશા–આસ્થા–સ્નેહ.** (દોહરા).

માત્ર શબ્દ ત્રણુ શીખજો, સકલ ધર્મનો સાર;
માણુસને આ પૃથ્વીમાં સ્વર્ગીય સુખ દેનાર.
આશા રાખો સમજીને, શું કુદરતમાં થાય;
આવે રાત પછી દિવસ, ને તડકા પછી છાંય.
આસ્થા રાખો પ્રભુ પરે, તે સહુ શુભ કરનાર;
વિઘ્ન શૂળીનું કાઢતો, સોયથી સરજનહાર.
સ્નેહ ધરો પશુ પંખીપર, ગણો બંધુજન સર્વ;
સૂર્ય પ્રકાશ સમી દયા, વિસ્તારો તજી ગર્વ.
આ પ્રભુના સંદેશ સમ, **આશા, આસ્થા, સ્નેહ,**
વરસાવે આ જગતમાં, પ્રભુ–કૃપાનો મેહ.

(૭૨) **ઉદ્‌બોધન.** (લાવણી).

ઉઠો, ઉઠો, આર્ય ભડવીર! શૂર નર જાગો!
તજી સ્વાર્થ, મમત્વ, કુસંપ, ભિન્નતા ત્યાગો.

બની એક; મુસલ્મીન, હિંદુ, પારસી વીરો,
બલિદાન દેશને કાજ કરો રણધીરો. (ધ્રુવ)
સ્વાર્પણે મહમ્મુદ "દીન" ધર્મ પ્રકટાવે,
સ્વાર્પણે "સ્નેહ સામ્રાજ્ય" બુદ્ધ બહલાવે;
સ્વાર્પણે ક્રોસ પર ઈસુ ખ્રિસ્ત લટકે છે,
સ્વાર્પણે સત્યવીર દયાનન્દ વિષ લે છે.
એ ધર્મ મૂર્તિના પુત્ર, સુત્ર સ્વાર્પણનું લઈને જાગો;
કરી ધ્યાન પિતૃઓ તણું સત્વ કંઈ માગો. ઉઠો, ઉઠો.
સ્વાર્પણે બાણ શૈયા પર ભીષ્મ સુએ છે,
સ્વાર્પણે પૂલપર હોરેશ્યસ જઈ રૂહે છે;
સ્વાર્પણે શિવાજી સ્વરાજ્ય સ્થાપિત કરતા,
સ્વાર્પણે *બ્રિગેડો મૃત્યુ મૂખમાં ફરતા.
એ ઉદાહરણ લઈ ધ્યાન, ગાન ગજવો બન્ધુ, સ્વાર્પણનું,
જે શુણી શૂર ઉભરાય પિતૃ તર્પણનું. ઉઠો, ઉઠો.
સ્વાર્પણે હિંદના વૃદ્ધ પિતા દાદાજી,
સ્વાર્પણે ગોખલે, ગાંધી, માલવિયાજી,
સ્વાર્પણે દેશના ભક્ત પ્રવૃત્તિ ધરતા,
ને સ્વદેશ યજ્ઞે બલિ આત્મનો કરતા.
છે સ્હાયે એવા વીર, ચિર પૂરતાં નવ પાછા હઠશે,
તો હિંમત નવ કાં ધરો ઉઠો ફ્ત્તેહ મળશે. ઉઠો, ઉઠો.

---

* લાઈટ્ બ્રિગેડના સુભટો.

સ્વાર્પણે સ્વદેશી હિલચાલમાં ભળજો,
સ્વાર્પણે સ્વરાજ્ય તણી બક્ષિસ જાળવજો;
સ્વાર્પણે હિંદ સેવક મંડળમાં મળજો,
સ્વાર્પણે સેવિકા ધર્મ પંથમાં પળજો.

કરી સ્વદેશ સેવા એમ, નેમ સ્વાર્પણનો ધરી સહુ ધપજો;
શુદ્ધાંતઃકરણે એજ મંત્રને જપજો. ઉઠો, ઉઠો.

સ્વાર્પણે બ્રિટન મહારાજ્યનું અંગ બનીને,
સમ્રાટ તાજમાં ઉચ્ચ સ્થાન પામીને;
સ્વાર્પણે બ્રિટનનું છત્ર સદા જાળવજો,
બનીં અંગ બ્રિટનનું શ્રેય કાર્યમાં ભળજો.

છે બ્રિટનથીજ કલ્યાણ, ધ્યાન એ ધરો હિંદીઓ નિત્યે,
છે ઉન્નતિ તેના છત્ર તળે એ રીતે. ઉઠો, ઉઠો.

—

(૭૩) નિદ્રા. (મંદાક્રાન્તા)

નિદ્રાદેવિ, તુજ વહન આ વિશ્વને છાઈ દે તું,
ને તારામાં રસબસ કરી, મોદમાં બાધી લે તું;
તું શોધે છે તુજ વહનના માર્ગને શાન્ત કાળે,
ને શાન્તિમાં તુજ વહનને દોરતી તું સદાએ.

× કંઇક ભાગ અનુવાદ.

તારાં રાજ્યે નહિં કહીય છે, ભેદ ઉંચાં નીચાંનો,
કાંકે વ્હેતું તુજ ઝરણુ છે, પક્ષ બુદ્ધિ વિનાનું;
ખેડુતોને પૃથવીપર એ, ઓસીકાં એ શિલાનાં,
ને રાજાને કુસુમ શયને, એક રીતે મળે તું.

કિન્તુ કોઇ તુજ ઝરણુથી આર્દ્ર ના થાય ત્યારે,
સામે, દામે, કળથી, બળથી, તુંજ આજ્ઞા પળાવે;
જ્ઞાની, યોગી, નૃપ, બળવતા સર્વને તું નમાવે,
ને તે રીતે સતત્ કરતી શ્રેય તે સર્વ કેરૂં.

તારા સંગે જન હૃદયનાં શાંત તોફાન સર્વે,
તારા સંગે જન હૃદયના ઘાવ સર્વે રૂઝાએ;
તારા સંગે જન હૃદયમાં ફેરફારો થતા કૈં,
ને તારાથી અખિલ જગતે શાન્તિ રહેતી છવાઇ.

---

(૭૪) ઝઝુમી રહેલી વાદળીને. (ગઝલ.)

દેવિ! હે વાદળી લલચાવીને, ના કેમ તું વરસે હજુ?
મનુ-બાલને તરસાવીને, કાં પ્રેમને તું કસે હજુ? દેવિ!

અમ સત્વ સૂર્ય ચૂસી જતાં,
અમી તત્વ સ્રોત તું વર્ષતી,
સહુ સ્વત્વ મેળવતાં તુંથી,
તે વાત કાં નવ યાદ છે. દેવિ!



The Lu[illegible] [illegible] Bombay

[illegible]

[illegible]

જાતાં દિનો સહુ ગ્રીષ્મના, નિસ્તેજ શૂન્ય અને સૂકા,
તું વર્ષતી અમીરસ બધે; તે કાં હવે બદલાઇ છે? દેવિ !
ઉડી તેજ જાતાં આંખનું,
ફિક્કું જગત્ જ્યાં ભાસતું,
ત્યાં સપ્ત રંગો પૂરતી,
તે કેમ ના હાવાં પૂરે. દેવિ !
આખું જગત્ દોષે ભર્યું, હજુ મેલ અંતરમાં ભરે,
તેને હવે નવરાવીને પૂનિત કરવાનું ઘટે. દેવિ !
અહિં સ્વાર્થ પ્રેમ મહિં નડે,
ના દિવ્ય ભાવો ક્યાંહિરે,
સ્વર્ગીય ભાવ પ્રસારવા,
ત્યાંનાં અમીકણુ દે હવે. દેવિ!
સાત્વિક ભાવો ભૂલતાં, કર્તવ્ય સર્વે ચૂકતાં,
તો ધર્મ રાજા પ્રેરિતા, તું ધર્મ રસ વર્ષી જજે. દેવિ!

---

(૭૫) શાંતિ સ્તોત્ર. (ગઝલ–સનમની)

ચોપાસ હું ઢુંઢી વળ્યો શાંતિ તને,
તોએ ન કાં ક્યાંએ ચડે ચશ્મે મને?
શું પાછળે તારી સદા દોડું વૃથા,
એવું થયું નિર્મિત છે? તો તે કહે.

આ જીંદગી થાએ નકામી તું વિના,
ઇચ્છું તથાપિ સ્વર્ગશી તે ના બને.
તારા વિના સર્વે સુખો વિભૂતિઓ,
તૃપ્તિ બધી ઇચ્છા તણી છે શુશ્ક રહો.

માતા, પિતા, ભ્રાતા અને મિત્રો થકી,
મારી હૃદય ચૈતન્યદા શક્તિ થકી.
ના કાંઇએ આનન્દ છે તારા વિના
સામ્રાજ્ય તારૂં એકલું મારા પરે.

છોને તને ગણુકારતા જે ના કંઇ,
તેઓ બડાઇ સુખની ફુંકે વૃથા;
કિન્તુ મને તો તું સહે આનન્દ છે,
શૂળી પરેએ, જે થકી સર્વે ડરે !

તુંને કહું સર્વસ્વ મારૂં, કે પ્રભૂ !
તોયે ન કૈં ખોટું મને લાગે જરા !
કાંકે બધે વિભૂ સમી વ્યાપી રહી,
કિન્તુ મને કૈં કારણે તું ના મળે.

મારા હશે કંઇ દોષ તેથી દૂર તું,
કિન્તુ ઘટે પૂનિત કરવાનું તને;
" લાખો વખત ચૂમી ચરણ તારાં નમું,"
જો ક્ષાન્તિ દઇ મુજ મંદિરે પાદો ધરે.

(૭૬) બાલકોને સાદ.* (હરિગીત).

ઓ બાલકો, પ્રિય દેવદૂતો, ભેટવા આવો મને;
કુદરત તણા ભેદો ઉંડા ઉકેલતાં શીખવો મને.
તમ કર્ણમાં શું મધુર ગીતો પવન લહરિ ગાય છે?
તે કહો; વળી શું પક્ષી સાથે વાત તમને થાય છે.
તમ લાડીલાં વચનો, અને આનન્દ પૂર્ણ નયન સહે,
સરખાવતાં અમ કળા, વિદ્યા, જ્ઞાન પણ અધુરૂં રહે.
જ્યાં બાળકો તહિં સ્વર્ગ છે, તે વિના સહુ વેરાન છે,
મિલ્કત કરોડોના ધણી પણ તે વિના હેરાન છે.
કો બગીચામાં હવા, પાણી, ને પ્રકાશ બહુ છતાં,
પણ વૃક્ષપર કંઈ પાંદડું નવ હોય તે કેવું દીસે?
ત્યમ લક્ષ્મીથી આ જગતમાં મળતાં સહુ સાધન છતાં,
બાળક વિનાનાં ઘર ખરે વેરાન ને ઉજ્જડ દીસે.
કાંકે તમે છો મૂર્તિમંત જીવંત કાવ્ય સમાં ખરે,
પ્રભુની કળાનાં સાર છો ભાવિ પ્રજા જગની ખરે;
માતા તણા અદ્વિતીય પ્રેમની પ્રતિકૃતિ રૂપ છો તમે,
આવો હૃદય અમ ઉદ્ધરો, તમ ચરણુમા સહુ કો નમે.

---

* કંઇક ભાગ અનુવાદ રૂપે.

(૭૭) દેશનાં પાંચ રત્નો. (દોહરા).

બાલક, સ્ત્રી ને ખેડુતો, કારીગર ને વૈશ્ય,
પંચ રત્ન એ દેશનાં, ઉદ્ધારે નિજ દેશ.

સ્ત્રીઓ માત છે દેશની, પુરૂષ રત્નની ખાણ;
તેની ઉન્નતિ સાધતાં, દેશનું છે કલ્યાણ.

દેશની ભાવિ પ્રજા ગણી, પોષો બાળક વેલ;
એ વેલી ખીલી ફાલતાં, દેશની ઉન્નતિ સ્હેલ.

સમૃદ્ધિ ભૂમિ ગર્ભની, ખેડુત લાવે બ્હાર;
તેની સ્થિતિ સુધારતાં, ઉન્નતિની શી વાર ?

કાચી દોલત દેશની, પરદેશે ઘસડાય;
કારીગર ઉન્નત થતાં, તેવી સ્થિતિ પલટાય.

ખપ દેશી વસ્તુ તણો, જગવી બીજે દેશ;
ધન રેલાવે દેશમાં, વૈશ્ય બને જો બેશ.

(અંજનિગીત) પ્રાણ, હૃદય, ઉત્પાદક શક્તિ,
હસ્ત અને ચરણોની પંક્તિ,
દેશ તણાં અંગોની ભક્તિ,
ઉન્નતિ સાધક એ,
ખરેખર ઉન્નતિ સાધક એ.

—

(૭૮) **અમે શું થઈશું ?×** (ગીત.)

૧ લો છોકરો—

બનીશ ભાયડો બાહાદૂર હું, કરીશ તે સમે કામ શું શું ? (ટેક.)
મોટો ખેડુત થઇ ખેડીશ હું, જમીન બહુ બહુ સારી;
નવા પાક નિપજાવી લાવીશ, દોલત અણધારી.

૨ જો છોકરો— બનીશ.

કામ શીખીને સુથારનું હું, આગબોટ બાંધીશ હું,
દેશે દેશ ફરે મુજ વ્હાણો, એવી શક્તિ સાધીશ હું.

૩ જો છોકરો— બનીશ.

થઇશ બડો વેપારી હું તો, આંટ બાંધી પરદેશે,
દુનિયાંની દોલત ઉથલાવીશ, ધન્ય ધન્ય સહુ કહેશે.

૪ થો છોકરો— બનીશ.

વૈદ્ય, હકીમ કે દાક્તર થઇને, રોગ તણી જડ કાઢું,
જગતમહિં આરોગ્ય પ્રસારી, દુઃખ તિમિર હણું ગાઢું.

૫ મો છોકરો— બનીશ.

શોધક બનીને નવી નવી શોધો, જગતમહિં ફેલાવું;
સ્વર્ગ તણી સુખ-સંપતને આ જગત પરે રેલાવું.

૬ ઠ્ઠો છોકરો— બનીશ.

ભુગર્ભ શાસ્ત્રી બનીને મોટો, પૃથ્વી તણાં પડ ખોળું;
જમીન ઉપર ખૂટતાં સાધનનું, ક્ષેત્ર બતાવું મ્હોળું.

બનીશ.

× કંઇક ભાગ અનુવાદ રૂપે.

૭ મો છોકરો—

મોટો રાજપુરૂષ બનીને હું, રાષ્ટ્રીય ઐક પ્રસારૂં,
રાજ્યોના વિખવાદ મટાડી, શાંતિ જગતમાં ધારૂં.

૮ મો છોકરો— બનીશ.

શિક્ષક કવિ ફિલસુફ બનીને, જ્ઞાન પ્રસારીશ જગમાં;
કરી મનુષ્ય વિકાસ, પ્રભુતા આંજીશ તેની દૃગમાં.

બનીશ.

* * * *

સર્વે છોકરા સાથે—

શક્તિ અને સંજોગ પ્રમાણે, જે કંઈ કાર્ય કરીશું;
તેને શ્રેષ્ઠ બનાવા માટે, કશાંથીએ ન ડરીશું.

થશું ભાયડા બહાદૂર અમે,
જોઇ રહેશો ત્યારે સહુ તમે.

બનીશ.

(૭૯) નાનો જીમ.* (સ્ત્રગ્ધરા.)

છાએલી છાજલાંથી, ખળભળી ગયલી ઝુંપડી શાંત ત્યાં છે,
જૂની, માટી તણીને વળી નીચી અતિશે, બ્હાર એકાંત સ્થાને;
માંહેની સ્વચ્છતા, ને સુઘટિત રચના શૂન્યતાને વધારે,
ઝાંખા દીપ પ્રકાશે મહિં દુઃખી જન કો' હોય એવું જણાવે.

---

* અનુવાદ.

(ઉપજાતિ). વાયુ ફુંકે આંધી નભે ચડેલ,
હતી નિશા ઘોર અને કરાલ,
મજુરની સ્ત્રી નિજ પુત્ર પાસે,
આવે સમે ગાળતી અશ્રુ બેઠી;

(ઈન્દ્રવજ્રા) એ દમ્પતી દુઃખી તણોજ બાળ,
છે મૃત્યુ શય્યાપર એ બિચારો,
છે જેમનાં ચક્ષુ થએલ ફિક્કાં,
તેજસ્વી જે એક સમે હતાં તે.

(ઉપજાતિ) તે દુઃખી માતા તણી આંખમાંથી,
સરે બહુ અશ્રુ કપોલ માથે;
જ્યારે કરે ભક્તિ સ્વપુત્ર કેરી,
રક્ષાર્થ તે મૌન રહી પ્રભુની.

તે બ્હીક ધારે ઉરમાં રખેને,
સ્વબાલ જાગે કંઇ બોલવાથી;
કાંકે હતો બાલકમાંજ તેનો,
માતા તણો સ્નેહ બધો સમાયો.

મીંચેલ નેત્રે કર સંપુટાથે,
પ્રાર્થે પ્રભૂને નિજ આત્મ માંહે;
સ્વબાલના રક્ષણ કાજ માતા,
તેને સટે ઇચ્છતી નિજ મૃત્યુ.

(ઇન્દ્રવજ્રા) જે પ્રાર્થનાના જીમ દુઃખદાતા,
દે ઉત્તરો શાંત ધીમા સ્વરેથી;
"માતા પ્રભુપાર્શદ જો હસે છે,
ને આવવા માટ મને કહે છે."

"ઓ માત છે દુઃખ મને હવે ના,
કિંતુ કંઇ પિડિત છું તૃષાથી;
તે માટ માતા તજી શોક સર્વે,
દો પાણી જેથી સુખથી જઉં હું."

કૈં ધ્રુજતાં કિન્તુ ત્વરાથી માતા,
પ્યાલો ભરી માટી તણો સલિલે;
ઓષ્ટે ધરે; ને જીમ કૈં હસીને,
આભાર સાથે ત્રણ ઘુંટડા લે.

"ઓ માત મારા તુજને પ્રણામ,
છેલ્લા કહેજે મુજના પિતાને;
ને માત હાવાં જઉં છું ઉંઘી હું;"
એ બોલતાં તે તજી દેહ ચાલ્યો.

છે માત દુઃખી શુણી પુત્ર શબ્દો,
જે શુણુશે તે ફરીથી કદી ના;
ને મૂઢ થાએ સુત મૃત્યુ પેખી,
જેમાં બધું જીવન નિજ માને.

ઝાંપો ઉઘાડી નિજ ઝુંપડીનો,
ત્યાં જીમનો તાત મજૂર આવ્યો;
ચક્ષુ સૂકાં મૂઢ, દીઠાં છતાં એ,
બોલ્યો કશું ના નવ બોલી તે સ્ત્રી.

(ઉપજાતિ) જાણ્યું બધું જે સુખ સર્વ ચાલ્યું,
અને થયું છે નિજ પુત્ર-મૃત્યુ.
ન કોઇ બોલે પણ દીપ લૈને,
દુઃખે નિહાળે મૂખ પુત્ર કેરૂં.

(ઇંદ્રવજ્રા.) જે જે દુખો અંતર માંહિ થાએ,
કંપિત ઓષ્ટો થકી તે જણાએ;
બન્ને બનીને બહુ દુઃખી અંતે,
શોકાગ્નિ ઠારે ગલ-બાષ્પ-ઘુંટે.

દુઃખાતિતા લાગણીથી દબાઇ,
પ્રાર્થે પ્રભુને બહુ નમ્રતાથી;
જો શક્ય સ્વર્ગે ફરી સંગ માટે,
પ્રાણાધિકાનંદ સ્વપુત્ર કેરા.

(અનુષ્ટુપ્).

વાચકો, જીમને માટે આપણે રડીએ વૃથા;
આત્માને સાથ તે કૈં ના, છો દેહો બદલ્યા કરે.

(૮૦)　　વૈવસ્વત મનુ.

એક રાત સુખ સ્વપ્ન મહિંથી વૈવસ્વત મનુ જાગે,
ત્યાં ચાંદનીની રસહેલિમાં ધર્મરાજ દર્શન દે;
કનક પોથીમાં રત્ન લેખિની થકી તે કેક લખેછે,
અખંડ શાંતિથી ઉત્તેજિત વૈવસ્વત મનુ તેને પૂછે.
"સ્વર્ગ ભૂમિના અતિથી મોઘા, જવાબ કંઇએ દેશો ?
પ્રભુજીના સંદેશ સમું શું આપ લખો છો કહેશો ?"
ધર્મરાજ મૃદુ દિવ્ય વાણીથી જવાબ શાંત સ્વરે દે,
"લખું નામ તે ધન્ય પુરૂષનાં પ્રભુને જે ચાહે છે;"
મનુ પૂછે.–"મુજ નામ લખ્યું શું ?" મળે નકાર જવાબે,
પણ નાહિંમત મનુ બને નહિં, બોલે નમ્ર અવાજે;
"ધર્મ દેવ ! તો કૃપા કરીને જરૂર લખો મુજ નામ,
પ્રભુની નહિં, તો પ્રભુ બાલકની સેવાનું મુજ કામ."
પ્રભુ બાલકના સેવક તરીકે મનુનું નામ લખાયું,
ધર્મરાજ અદૃશ્ય થયા, ને સઘળે તિમર છવાયું;
વૈવસ્વત મનુ દીવસ બધો સ્વપ્નાંની રાહ જુએ છે;
ત્યાં ફરી રાત્રે પૂર્ણ જ્યોતિથી ધર્મરાજ પ્રકટે છે.
વૈવસ્વત મનુ નમ્ર અવાજે ધર્મરાજને પૂછે,
"નામાવલિ આપે કરી, તેનું પરિણામ કહો શું છે ?"
ધર્મરાજ પ્રભુ કૃપા પાત્રનાં નામો તુર્ત બતાવે,
વૈવસ્વત મનુ તે સર્વેમાં અગ્રસ્થાન શોભાવે.



એક રાત સુખસ્વપ્ન મહિથી વૈવસ્વત મનુ જાગે,
ત્યા ચાદનીની રસ હેલિમા ધર્મરાજ દર્શન દે

અનુક્રમણિકા.